


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૮, અંક : ૫૨, સળંગ અંક : ૯૧૬, તારીખ : ૨૨-૦૫-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 22/05/2017, RMS G'nagar, Valid up to 31/12/19

## આગામી તા. ૨૫ મે થી ૧૦ જૂન સુધી

# સમગ્ર ગુજરાતના તમામ જીલ્લા મથકોએ ભા.કિ.સંઘ દ્વારા જાહેર સભા રેલી અને કલેક્ટરોને આવેદન પત્રો આપવાના કાર્યક્રમો

ભા.કિ. સંઘ ગુજરાત પ્રદેશની વિશેષ પ્રદેશ કારોબારીની બેઠક આજ રોજ પ્રદેશ કાર્યાલય ગાંધીનગર ખાતે યોજાઈ ગઈ જેમાં અ.ભા. સંગઠન મંત્રી માન. દિનેશજી કુલકર્ણીજીની ઉપસ્થિતીમાં ગુજરાત સંગઠન અંગે વ્યાપક ચર્ચા વિચારણા અને આગામી સંગઠનના શક્તિ પ્રદર્શનના જીલ્લા સહ કાર્યકર્મોની યોજના સાથે વર્ષભરની કાર્ય યોજનાનો પણ વિચાર કરવામાં આવેલ.

તમામ ૩૩ જિલ્લામાંથી ઉપસ્થિતિ જીલ્લાના પ્રમુખ મંત્રી કૌષાધ્યક્ષો અને પ્રદેશ કારોબારીના સભ્યો અને જીલ્લા પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. પ્રારંભીક બેઠકની પ્રસ્તાવના - ભૂમિકા મહામંત્રીશ્રી બી.કે. પટેલ દ્વારા થયેલ ત્યાર બાદ સમગ્ર ગુજરાતના કાર્યવિસ્તાર અનુસાર ૮ ઝોનમાં ઝોન બેઠકો કરીને આગળના કાર્યક્રમો અંગે ઘનિષ્ઠ વિચારણા કરવામાં આવી હતી.

છેલ્લા ૪ માસથી તમામ ગુજરાતના તાલુકા અને જીલ્લા સુધી સંગઠનને પહોંચાડવા અને સક્રિયતા સાથે તમામ યુવકોના કિસાનોના પ્રશ્નોને ઉજાગર કરી - ગુજરાત વ્યાપી સમાન પ્રશ્નોને સાથે લઈ આગામી સમયમાં જીલ્લા મથકોએ મોટી સંખ્યામાં જાહેર સભા - રેલી અને કલેક્ટરને આવેદન પત્ર આપવાના કાર્યક્રમો નક્કી કરવામાં આવેલ.

બેઠકમાં કિસાનોની આત્મહત્યા, વડા પ્રધાન પાક વિમા યોજનાની કિસાન વિરોધી અને ફરજીયાત પાક વિમો આડેધર કપાત કરવા અંગે, રાષ્ટ્રીય કૃત બેંકોની કૃષિ ધિરાણ નિતિના કિસાન વિરોધી નકારાત્મક વલણ, આડેધડ વિજ ચેકીંગની પદ્ધતિ, માર્કેટ યાર્ડોમાં હરાજીન કરવી અને ઠેકા પદ્ધતિ દ્વારા શેશ એકત્ર કરવી, ફ્રુટ -શાકભાજીમાં હજી પણ કમિશન, વી.વી.ચાર્જ, લેબર ચાર્જ એમ ૧૦ ટકા કપાતની ફરીયાદો, વારંવાર કેનાલોના ભંગાણથી પાકની નુકશાની, રીસર્વેની ક્ષતિઓ મોટા પાયે ફરીયાદો રોજડા અને રાજ્ય સરકાર દ્વારા પરિશિષ્ટ-૩માંથી ૫ માં ફેરવવાની કરેલ દરખાસ્ત પરત ખેંચવાનો સખત વિરોધ, કેન્દ્ર સરકાર દ્વારા જી. એમ. રાયડાને વ્યાવસાયીક મંજુરી આપવાની અપ્રુવલ કમિટીના નિર્ણયનો વિરોધ, કાટાળા તારની વાડ યોજના અંગે ફેર વિચારણા જેવા મુદ્દાઓ તમામ જીલ્લા પ્રતિનિધિઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

નવી દિલ્હી ખાતે નવી નિર્માળાધીન કેન્દ્રીય સંગટનના કાર્યાલય માટે ગુજરાતના કાર્યકર્તાઓ દ્વારા પ્રાપ્ય સહયોગ નિધિની જાહેરાત કૌષાધ્યક્ષ રમણભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ હતી.




**અખિલ ભારતીય સંગઠન મંત્રી માન. દિનેશજી કુલકર્ણી**

**આજની બેઠકમાં મા.જીવનદાદા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ માન. અંબુભાઈ તથા રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્ય શ્રી મગનભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી શામળભાઈ ચૌધરી તથા દિલીપભાઈ લાડ સહિતના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.**

**● ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની વિશેષ કારોબારી બેઠક યોજાઈ. ● રચનાત્મક કાર્યોને જોડીને તમામ ગ્રામ - તાલુકા - જીલ્લા સમિતીઓને સક્રીય કરીને કિસાનોના સર્વાંગીણ ઉત્થાન માટે કામ કરીએ. ● તમામ રાજ્યો - કેન્દ્રની સરકારો કિસાનોની ધીરજની કસોટી ન કરે - તત્કાલ કૃષિ - કિસાન બચાવવા સર્વગ્રાહી કૃષિનીતિ જાહેર કરવા આહવાન : માન. દિનેશજી કુલકર્ણી અ.ભા.સંગઠન મંત્રી.**

**જે જાહેર સભાઓ નક્કી કરવામાં આવી છે તે નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| તા. ૧૫-૫ | તાપી. | તા. ૦૧-૫ | દાહોદ, છોટા ઉદેપુર, પંચમહાલ, સાબરકાંઠા, જુનાગઢ, સાવરકુંડલા |
| તા. ૨૪-૫ | રાજકોટ, મોરબી | તા. ૦૨-૬ | અરવલ્લી |
| તા. ૨૫-૫ | બોટાદ, સુરેન્દ્રનગર | તા. ૦૪-૬ | સુરત |
| તા. ૨૯-૫ | જામનગર (દ્વારકા), વડોદરા, ડાંગ, મહિસાગર, અમદાવાદ, પાટણ (રાધનપુર) | તા. ૦૫-૬ | ભરૂચ, વલસાડ, પોરબંદર |
| તા. ૩૦-૫ | કચ્છ, બનાસકાંઠા, સોમનાથ | તા. ૦૬-૬ | નર્મદા, નવસારી, ગાંધીનગર. |
| તા. ૩૧-૫ | ભાવનગર | તા. ૦૭-૬ | ખેડા |
| | | તા. ૦૮-૬ | અમરેલી |
| | | તા. ૧૪-૬ | આણંદ, મહેસાણા, |

પ્રદેશ અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા દ્વારા સરકારશ્રી સાથેની રજુઆતો ગતિવિધિઓ અંગે માહિતી આપી હતી અને આગામી સમયમાં યોજાનાર જીલ્લાના રેલી - સભાના કાર્યક્રમો અંગે ગામેગામ પ્રચાર - પ્રસાર કરીને કાર્યક્રમને સફળ બનાવવા સુચારૂ આયોજન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પૂરક વિશેયોની જાણકારી અને સંચાલન મહામંત્રી બી.કે. પટેલે કર્યું હતું. અને માન. દિનેશજીએ સમારોપ માર્ગદર્શનમાં દેશના કિસાનોની ભીન્ન - ભીન્ન સમસ્યાઓ અંગેની વાત કરીને આપની જવાબદારી અનેક ગણી વધી જાય છે. આપણી જેટલી ગતિ છે તેનાથી આપણા સંગટનની ગતિ વિશેષ છે. કેન્દ્ર સરકાર દ્વારા ક્યારેક જી.એમ.ની વાત, ક્યારેક ખેતી પર ટેક્ષ લગાવવાની વાત ક્યારે રાજકીય પક્ષો દેવાનાબૂદીનો મુદ્દો ઉછાળે છે. પરંતુ જ્યાં સુધી પુર્ણ સમસ્યાોના મુળ સુધી ના જાઓ ત્યાં સુધી કિસાનોનું ભલુ થવાનું નથી. આ સ્થિતિ વચ્ચે આપણું સંગઠન જ કિસાનોનો બચાવશે એવા વિશ્વાસ સાથે સમાપન કર્યું હતું. અંતમાં ધ્વજાવતરણ અને કિસાન નારાઓ સાથે બેઠક સંપન્ન કરવામાં આવી હતી.

## સાપ્તાહિક સુવિચાર

**જીવનમાં ક્યારે તમારાથી નાના માણસનું અપમાન કરશો નહીં. કારણકે કીડી તમને બચકુ ભરી શકે છે, પરંતુ તમે કીડીને બચકું નહી ભરી શકો.**

**સાવધાન... સાવધાન... સાવધાન...**

## મેકડોનાલ્ડનાં નાસ્તા આરોગ્યનારા પહેલા વાંચજો...

મેકડોનાલ્ડ કંપની બિનશાકાહારી (નોનવેજ) આઈટમોને શાકાહારી (વેજ) તરીકે અપાવી સંપૂર્ણ વેજિટેરિયન ખોરાક ખાનારા લોકોને અંધારામાં રાખીને નોનવેજ ખવડાવે છે. આ મુદ્દા ઉપર અમેરિકામાં ભારતીયોએ વોશિંગ્ટન ખાતે ૪૮ કરોડનો દાવો માંડ્યો છે, અને મુદ્દો સિરિયસ જણાતા મેકડોનાલ્ડે તે કબૂલ કરી માફી માંગી નાણાં ચૂકવવા તૈયાર થઈ ગઈ છે...

*-હર્ષ પુષ્કર્ણા (સફારીમાંથી)*

**વિદેશી કંપનીના કોઈપણ ખાદ્ય પદાર્થો ખાવા યોગ્ય નથી...**

## આપણું 'કિસાન સંદેશ' તા.૧-૫-૨૦૧૭ થી ઓનલાઈન આપણી વેબસાઈટ પરથી ઉપલબ્ધ છે.

**Email : bksgujarat1985@gmail.com**
**website : www.bksgujarat.org.in**

ઈન્ટરનેટ અને મિડીયાના યુગમાં હવે જ્યારે યુવાનો વધુને વધુ સોશ્યલ મિડીયાનો પ્રયોગ કરી રહ્યા છે ત્યારે અને કિસાનો અને કૃષિ ક્ષેત્રે સંકળાયેલ યુવા પેઢી માટે એક આનંદના સમાચાર છે કે આપણું કિસાનોનું પોતાનું છાપુ હવેથી ઓનલાઈન થઈ રહ્યું છે અને આપણી ભારતીય કિસાન સંઘની વેબ સાઈટ ઉપરથી જોઈ શકાશે... ગત ૧૯મી માર્ચ કિસાન બલિદાન દીન થી સહીદોને યાદ કરીને આપણું આ કાર્યનો પ્રારંભ કર્યો છે. જાગૃત કિસાનો યુવાનોને આહ્‌વાન પણ છે કે પોતાના મંતવ્યો – સૂચનો – કોઈ ખેતીની સફળ વાર્તા, પ્રેરક વાતો મોકલવામાં આવશે તો આપણે પ્રગટ કરીશું...

*– સંપાદક*

(ગતાંકથી આગળ....)

## આધ્યાત્મિક ખેતી દર્શન અને તંત્ર
(ઝીરોબજેટ કુદરતી ખેતી કેવી રીતે કરશો?)
પદ્મશ્રી સુભાષ પાલેકર
અમરાવતી, મહારાષ્ટ્ર

**રવિ જુવાર :**

રવી જુવારના બીજ ૪ કિલો સ્થાનિક દગડી કે માલદાંડી + દેશી ચણાના બીજ ૨ કિલો + ધાણાના બીજ ૧ કિલો લો. આ બધાનું મિશ્રણ કરો. બીજોને બીજામૃત્તનો પટ આપો. સામે બે થેલી ૧૦૦ કિલો ગોબર ખાતર અને ૧૦ થી લઈને ૧૦૦ કિલો ઘન જીવામૃત્તનું મિશ્રણ નાખો અને પાછળ બીજા વાવો ૫ થી ૧૦ ટકા મહિનામાં બે વાર જીવામૃત્ત છાંટો.

બીજી પદ્ધતિ છ હાર જુવારની ત્રણ હાર કોસંબી (કરડી)ની લઈને પટ્ટા પદ્ધતિથી વાવો. ઉત્પાદન એટલું જ મળે છે, બોનસમાં કોસંબી મળે છે.

**બાજરી :**

બાજરીના બીજ ૧.૫ કિલો લો. એમાં ૧.૫ કિલો મઠ કે ફળીના બીજ ભેળવો. બીજામૃત્તને પટ આપો, અને એકર દીઠ બે થેલી ગોબર ખાતર અને ૧૦ થી લઈને ૧૦૦ કિલો ઘન જીવામૃત્ત મિશ્રણ બીજની સાથે વાવો. ૫ થી ૧૦ ટકા જીવામૃત્ત છાંટો.

**મકાઈ :**

મકાઈના સ્થાનિક બીજ લો. બીજામૃત્તને પટ આપો. એમાં અડધા બીજ ફળી ના ભેળવો અને એકર દીઠ બે થેલી ગોબર ખાતર અને ૧૦ થી લઈને ૧૦૦ કિલો ઘન જીવામૃત્તનું મિશ્રણ બીજની સાથે વાવો.

**તુવેર :**

તુવેરની સ્થાનિક જાત સ્વાદ અને પૌષ્ટિકતામાં ખુબ જ સારી હોય છે. હું મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતનાં દરેક જિલ્લામાં કિસાનોની સાથે વ્યવસ્થ રહ્યો છે. મે જોયું ૭૦ ટકા કિસાનો તુવેરની સ્થાનિક જાતો જ વાવે છે. કૃષિ વિદ્યાલયોએ જે તુવેરની જાતો આપણને આપી છે, તે વધારે દાણાઓ જરૂર આપે છે, પરંતુ પૌષ્ટિક્તા અને સ્વાદ ગુમાવીને આપે છે, પરંતુ એક સ્થાનિક કાળા રંગના દાણાની જાત ખુબ જ સારી છે. જો તેની દાળ તમે એકવાર ખાશો તો અન્ય જાતની તુવેર દાળને હાથ પણ લગાવશો નહીં. આ જાત પણ હવે લુપ્ત થવા જઈ રહી છે, આ દુર્ભાગ્યની વાત છે. તમામ પાકના સ્થાનિક બીજનું સંકલન કરી રહ્યા છીએ અને સંરક્ષણ કરી રહ્યા છીએ. તુવેર પાકમાં જમીન સ્વરૂપ જુદાં જુદાં અંતરે રાખવાનું છે. આ અંતર રાખતા સમયે એ જાત કેટલા દિવસોમાં પાકવાની હોય છે, એ પણ જોવાનું છે. (૧) ઓછા દિવસોવાળી જાત (૧૨૦ થી ૧૫૦ દિવસ) અંતર બે હારની વચ્ચે ૪.૫ ફૂટ. (૨) મધ્યમ દિવસોવાળી જાત (૧૬૫ થી ૧૮૦ દિવસ) - અંતર બે હાર વચ્ચે ૬.૦ ફૂટ. (૩) લાંબી મુદ્દતની જાત (૧૮૦ થી ૨૧૦ દિવસ) અંતર બે હારની વચ્ચેનું ૭.૫ ફૂટ. દરેક બે છોડની વચ્ચેનું અંતર ઓછામાં ઓછું ૧.૫ ફૂટ અને વધુમાં વધુ ૪.૫ ફૂટ રાખવાનું છે.

**આંતર પાક :**

તુવેરના પાકમાં મગ, અળદ, ફળી, ઘેવડા (શ્રાવણ બીન્સ) કે સોયાબીન અને સાથે એક દળ જુવાર કે બાજરી લેવી જોઈએ. એ આંતરપાક કેવી રીતે લેવો જોઈએ તેની માહિતી નીચે આપેલી છે. તુવેર પાકના બીજ વાવતા પહેલા એકર દીઠ બે થેલી (૧૦૦ કિલો) ગોબર ખાતર અને ૧૦ થી લઈને ૧૦૦ કિલો ઘન જીવામૃત્તનું મિશ્રણ નાખો અને બાદમાં કે સાથે જ બીજામૃત્તને સંસ્કાર (પટ) આપીને તમામ બીજ વાવો. જીવામૃત્તનો છંટકાવ કરો. જંતુનાશક દવાઓનું નીમાસ્ત્ર બ્રહ્માસ્ત્ર અને અગ્નિહોસ્ત્રનો ઉપયોગ કરો, જે પહેલા આપેલ છે.

**કપાસ :**

- દેશી જાતો - અંતર બે હાર વચ્ચે ૧.૫ ફૂટ
- (વાવણીના ઓજારમાં કપાસના બે બીજ + ગ્રીન ગ્રામના બીજનું મિશ્રણ)
- (વાવણી ઓજારમાં મકાઈના બે ત્રણ બીજ + અલસંદી (બારાબતી) ના મિશ્ર બે બીજ)
- (વાવણી ઓજારમાં અલસંદીના બીજ કે બ્લેકગ્રામ કે સોયાબીન)
- (ગલગોટાના નાના છોડને પુનઃ વાવવા)

**બીજ :**

દેશી જાતના કપાસના બીજ ૪ કિલો + અડદના બીજ ૨ કિલો + મકાઈ બીજ ૧ કિલો. આ બધા બીજોનું મિશ્રણ કરો. બીજામૃત્તથી પટ આપો. સામે બે થેલી (૧૦૦ કિલો) ગોબર ખાતર અને તેની સાથે વધુ ૧૦ થી લઈને ૧૦૦ કિલો ઘન જીવામૃત્તનું મિશ્રણ નાંખો કે જગ્યા ઉપર મુઠ્ઠીભર નાંખો અને પાછળ બીજ નાખો. ૫ થી ૧૦ ટકા જીવામૃત્ત મહિનામાં બે વાર ઠાંકો, સિંચાઈના પાણીની સાથે જીવામૃત્ત આપો. ભારતીય - અમેરિકન જાતો (ઈન્ડો - અમેરિકન જાતો) અંતર ૩' × ૩', ૪' × ૪', ૪' × ૩', ૩' × ૨', બીજ - ભારતીય - અમેરિકન જાતો ૧ કિલવો

દેશી : એકરદીઠ ૫ કીલો.

આંતરપાકો : ફળી કે અળદ કે સોયાબીન ૩' ગલગોટા (મેરીગોલ્ડ) ૩' મકાઈ ૧ કિલો. બીજામૃતથી પટ આપીને બીજ નાખો. સ્થાન ઉપર મુઠ્ઠી ભરીને ગોબર ખાતર નાખો પછી બીજ નાખો. મહિનામાં બે વાર સિંચાઈના પાણી સાથે જીવામૃત્ત નાખો. જીવામૃત્ત અને અગાઉ આપવામાં આવેલી દવાઓનો છંટકાવો.

**ચણા :**

ચણાનો પાક ઉત્તર બારતમાં મુખ્ય પાક છે અને મધ્ય ભારતમાં પણ લેવામાં આવે છે. ચણાની સ્થાનિક જાતો લ્યો. બીજને બીજામૃત્તનો સંસ્કાર આપો. સાથે ચણાના બીજનું જે પ્રમાણ છે, તેના ૧૦ ટકા બીજ સુરજમુખીના લો, તેને પણ બીજામૃત્તની પટ આપો. ગોબર ખાતર ૧૦૦ કિલો અને ૧૦ થી લઈને ૧૦૦ કિલો ઘન જીવામૃત્ત આપો. ચણાનો પાક ઉગીને ઉપર આવ્યા બાદ એ ચણાના પાકમાં દરેક ૧૦ ફૂટના અંતરે (૧૦ × ૧૦ જયાં જગ્યા ખાલી છે, ત્યાં સૂરજમુખીના બીજ જમીનમાં નાનો ખાડો કરીને નાખો. પછી દરેક સિંચાઈની સાથે જીવામૃત્ત આપો. છંટકાવ માટે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર તેમજ અગ્નિસ્ત્રનો ઉપયોગ કરો. ચણાના પાકમાં અહીં - ત્યાં વૃદ્ધિ પામેલા સૂરજમુખીના છોડ ચણાને કોઈ તકલીફ નહિ આપે. પરંતુ ખુબ જ મોટા સુરજમુખીના ફુલ આવશે અને ચણાના ઉત્પાદનની સાથે સાથે આપણે સુરજમુખીનું ઉત્પાદન પણ બોનસમાં મળશે.

## જમીન માપણી અને અંતર

| | |
|---|---|
| ૧ ચો.વાર = ૯ ચો. ફૂટ | ૧ વીઘા = ૨૮૪૩.૫ ચો.વાર |
| ૧ ચો.વાર = ૦.૮૩૬૧ ચો. મી. | ૧ વીઘા = ૨૫૫૯૧.૫૦ ચો.ફૂટ. |
| ૧ ચો.ફૂટ = ૦.૦૯૨૯ ચો.મી. | ૧ કિ.મી. = ૧૦૦૦ મી. |
| ૧ એકર = ૪૦ ગુંઠા | ૧ કિ.મી. = ૦.૬૨૧૪.૧ માઈલ |
| ૧ એકર = ૪૦૪૬.૮૫ ચો.મી. | ૧ કિ.મી. = ૩૩૩.૩ ફૂટ |
| ૧ એકર = ૦.૪૦૪૬ હેક્ટર | ૧ માઈલ = ૧.૬૦૯ કિ.મી. |
| ૧ હેક્ટર = ૧૦૦૦૦ ચો.મી. | ૧ ચો.કિ.મી. = ૧૦૦૦૦૦૦ ચો.હેક્ટર |
| ૧ હેક્ટર = ૧.૧૯૬૦ ચો.વાર | ૧ ચો.કિ.મી. = ૧૦૦ હેક્ટર |
| ૧ ગુંઠા = ૧૦૧.૧૭૧૩ ચો.મી. | ૧ વાસા = ૧૨૮૦ ચો.ફૂટ |
| ૧ ગુંઠા = ૧૨૧ ચો.વાર. | ૨૦ વાસા = ૧ વીઘા |
| ૧ ગુંઠા = ૧૦૧૦ ચો.ફૂટ. | ૧ વાસા = ૧૪૨.૨૨ ચો.વાર |
| ૧ વીઘા = ૨૩૭૮ ચો.મી. | ૧ વાસા = ૧૧૯ ચો.મી. |

## કળયુગની હકીકત સાંભળો...

ઈશ્વર છે ... પણ શ્રધ્ધા નથી...
સુંદર છે ... પણ સુશીલ નથી...
શાણપણ છે ... પણ શરમ નથી...
રાત છે ... પણ ઊંઘ નથી...
ભણેલા છે ... પણ ગણેલા નથી...
સગાંઓ છે ... પણ સંપ નથી...
માણસ છે ... પણ માનવતા નથી...
સંપત્તિ છે ... પણ શાંતિ નથી...
સુધરેલ છે ... પણ સંસ્કાર નથી...
સાધુ છે ... પણ સદગુરુ નથી...
ધર્મ છે ... પણ આચરણ નથી...
ભગવાન છે ... પણ ભક્તિ નથી...
કુટુંબ છે ... પણ કર્તવ્ય નથી...
ડીગ્રી છે ... પણ નોકરી નથી...
કળા છે ... પણ કદર નથી...
વેપાર છે ... પણ નફા નથી...
દુકાન છે ... પણ ધંધા નથી...
ભાઈઓ છે ... પણ ભળતા નથી...
સમાજ છે ... પણ સમજણ નથી...
સરકાર છે ... પણ સજાગ નથી...
સંસાર છે ... પણ સુખી નથી...

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૧૦૧

રા. સ્વ. સંઘ

**કાર્યકર્તા**

અધિષ્ઠાન : વ્યક્તિત્વઃ વ્યવહાર

દત્તોપંત ઠેંગડી

અનુવાદક :

હસુભાઈ દવે

સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

એક દિવસ સવારે અલ્પાહાર માટે હું એમ જ મિશ્રજીના ઘરે ગયો. તેઓ હજી અલ્પાહાર માટે ટેબલ પર આવ્યા ન હતા. એ દરમિયાન ત્યાં પડેલ છાપાઓ મેં વાંચી લીધા. તેમાં મિશ્રજીના અંદરખાનેથી પ્રતિસ્પર્ધી એવા ડૉ. ડેકોટેનું નિવેદન આપ્યું હતું, જેમાં મિશ્રજી ઉપર સખત ટીકા હતી. મિશ્રજી બહાર આવ્યા અમારી વાતો શરૂ થઈ. એ વખતે મિશ્રજીએ પૂછ્યું, 'કેમ ભાઈ, આજના છાપાઓ વાંચ્યા છે ?' મેં 'હાં' કહ્યું. તેમણે પૂછ્યું, 'ડૉ. ડેકાટનું નિવેદન વાંચ્યું ?' મેં 'હાં' કહ્યું. તેના પર મિશ્રજીએ કહ્યું કે 'આશ્ચર્યની વાત ચે કે તેઓ (ડૉ. ડેકાતે) રાજનીતિમાં ચે, પરંતુ રાજનીતિ જાણતા નથી. રાજનીતિમાં પક્ષની અંદર અથવા પક્ષ બહાર અન્ય કોઈ પણ નેતાને નીચે પાડવાની ઈચ્છા થવી સ્વભાવિક છે. એ માટે લોકો આટલો ટ્રાવિડી પ્રાણાયામ શા માટે કરે છે ? આના માટે ભાષણ આપવું, લેખ લખાવો, કાનફૂસી કરવી, પોતાનું જૂથ બનાવવું એવી બધી તકલીફો શા માટે ઉઠાવે છે ? આ તો દ્રાવિડી પ્રાણાયામ થઈ ગયો.' આથી મેં પૂછ્યું, 'તો પછી સીધો પ્રાણાયામ કેવી રીતે થાય છે ?' મિશ્રજીએ કહ્યું, 'તે ઘણો જ સહેરો છે. એક જ વાત છે. જેને નીચો પાડવો છે તેનું મૂલ્યાંકન પહેલાં કરી લો. આ મૂલ્યાંકન સાચું રહે એ મહત્વની વાત છે. મૂલ્યાંકન કરતી વખતે તમારો પૂર્વગ્રહ વચમાં ન આવવો જોઈએ. સાચા મૂલ્યાંકન પછી તમે નિષ્પક્ષ બુદ્ધિથી નક્કી કરી લો કે તે કયા પદ માટે યોગ્ય છે અને પછી તે જે પદ માટે યોગ્ય હોવાની ક્ષમતા રાખે છે, તેનાથી ઘણા જ મોટા પદ પર તેની નિયુક્તિ કરો, તેને ખુશી જ થશે. આ મોટું પદ લેવા માટે ખુશી થી તે દોડતો આવશે. એ પછી તમે ઘરમાં બેસી માત્ર શું થાય છે એ જોતાં રહો. આ ઉચ્ચ પદને કારણે મળેલ સત્તા અને સુવિધાઓને સારણે બે વર્ષની અંદર તે પોતે જ નીચે પડી જસે. તેને નીચે પાડવા માટે અલગ પ્રયત્નની આવશ્યક્તા જ નથી.'

આવા જ એક પ્રસંગે દ્વારકાપ્રસાદ મિશ્રજી ખુલ્લા દિલથી વાત કરી રહ્યા હતા. તેઓ કહેવા લાગ્યા કે 'હું જાણું છું કે તમે સંઘના પ્રચારક છો અને હું સંઘનો વિરોધી છું'પરંતુ તું ઘરનો માણસ છો એટલા માટે તને બતાવું છું. ગૌહત્યા પછી સંઘ ઉપર લગાડેલ પ્રતિબંધનો સમય પૂરો થવા આવ્યો. તે વખતે જવાહરલાલજીએ બધા રાજ્યોના ગૃહમંત્રીઓને બોલાવ્યા હતા અને તેઓને પૂછ્યું હતું કે પ્રતિબંધ સમાપ્ત થયા પછી તેને એમ જ સમાપ્ત થવા દેવો અથવા ફરીથી પ્રતિબંધ લગાવવો ? આ વિષય અંગે તેઓએ મારી સાથે પણ વાતચીત કરી મેં સમજી વિચારીને તેમને ચીડવવા માટે કહ્યું કે તમે અમારા લોકોની શા માટે પૂછપરછ કરી કહ્યા છો ? તમે તો પહેલેથી જ મનમાં નક્કી કર્યું છે કે આર.એસ.એસ.ને પ્રોત્સાહન આપવું.' આ સાંભળતા જ પંડિતજી ગુસ્સે થઈ ગયા અ" કહેવા લાગ્યા, 'શું મેં આર.એસ.એસ.ને પ્રોત્સાહન આપવાની વિચાર કર્યો છે ? હું તો આર.એસ.એસ.ના સખત વિરોધમાં છું અને છતાં તમે આવી ઢંગઢડા વગરની વાત શા માટે કહી રહ્યા છો ? મેં કહ્યું, 'હું જે કહી રહ્યો છું તે તો સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. બધા લોકો સંઘના નથી, પરંતુ હજારો પરિવારોને ખેદાન મેદાન કરવાને કારણે તેમાંથી જે સંઘવાળા ન હતા, તેઓ બધા સંઘવાળા બની ગયા છે. તેમના સગાસંબંધી, મિત્ર પરિવાર સહિત બધી સહાનુભૂતિ સંઘને મળી ગઈ. આનાથી સંઘનો પ્રભાવ ઘણો જ વધી ગયો.'

મિશ્રજી મને આટલું કહી અટકી ગયા. હું નાનો હોવાને કારણે મેં આગળનો પ્રશ્ન ન કર્યો કે એ પછી તમારા બંનેમાં વાતચીત શું થઈ ? આવું પૂછવું ધૃષ્ટતા થઈ જાત, તે વખતે હું ચૂપ બેસી રહ્યો. એ પછી સાત - આઠ દિવસે મોકો જોઈને મેં તેમને બીજો પ્રશ્ન કર્યો, 'કોઈપણ સંસ્થાને કચડી નાખવાથકી તે નષ્ટ નથી થતી એવું તમે કહ્યું હતું, તો સંસ્થાને નષ્ટ કરવાનો બીજો રસ્તો શું છે ?' મિશ્રજીએ કહ્યું, 'તે રસ્તો મનોવિજ્ઞાનનો છે. જે સંસ્થાનો નાશ કરવો છે તે સંસ્થામાં સુવિધાપ્રેમી કાર્યકરગણ અને પદાભિમાની નેતા નિર્માણ કરવા જોઈએ. આ બંને વાતો માનસશાસ્ત્રને અનુકૂળ છે અને સહેલાઈથી થઈ શકે છે. આવી સંસ્થાને તમે ઘણી જ સગવડતાઓ અને પૈસા આપો તો ધીરે ધીરે સારા કાર્યકર્તા આરામપ્રિય થઈ જશે અને નેતાઓના મનમાં સ્વયંપ્રતિષ્ઠાનો ભાવ પણ નિર્માણ થશે. આ એકદમ માનસશાસ્ત્ર અનુસાર છે. આ બંને બાબતો થઈ જાય તો થોડા જ સમયમાં તે સંસ્થા સ્વયં નીચે આવી જશે. તેના માટે અલગથી પ્રયત્ન કરવાની આવશ્યક્તા રહેશે નહીં.'

આમ કાર્યકર્તાઓમાં કાર્યના વિકાસને કારણે મળનારી સુવિધાઓમાં વ્યક્તિગત સ્વાર્થ પેદા થાય છે. એ વ્યવસ્થાઓ એમ જ ચાલુ રાખવામાં પોતાનો વ્યક્તિગત સ્વાર્થ પેદા છો વાસ્તવમાં આવી બધી વ્યવસ્થાઓનો આપણા કામની વૃધ્ધિ માટે ઉપયોગ કરતી વખતે પણ પ્રસંગવશાત એના અભાવને કારણે મજબૂરી પણ ન નિર્માણ થવી જોઈએ, ન તો એવી સુવિધાઓનો મોહ પણ હોવો જોઈએ. જાણે કે કાર્યકર્તાની માનસિક્તા તો તંત્ર વગરના તંત્રની એટલે કે તંત્ર ખરું પણ એવી પરવશતા નહિ એવી હોવી જોઈએ. જો આમ ન થયું તો એક તો મળેલ પદના અહંકારને કારણે અથવા સુવિધાઓના મોહના કારણે પ્રમુખ કાર્યકર્તા પોતાનું સ્થાન ટકાવી રાખવા ચતુરાઈના કેટલાક પ્રયોગો શરૂ કરે છે.

સ્વાર્થની કુટિલ પ્રવૃત્તિઓથી સાવધાન :

આવા જે કાર્યકર્તા સંગઠનમાં પોતાનું સ્થાન જાળવી રાખવાનો પ્રયાસ કરે છે તેમાંથી અમુક કાર્યકર્તા તો એવા પણ હોઈ શકે છે, જેનો સંગઠનમાં કાર્ય કરવાનો પોતાનો હેતુ જ સ્વાર્થ પૂર્ણ હોય છે. અ" સ્વાર્થને કારણે થોડીક ખરાબ પ્રવૃત્તિઓની અસર પણ તેના મન પર રહે છે. આવી કુટિલ પ્રવૃત્તિ કદાચ જન્મથી જ મૂળ સ્વરૂપમાં રહે છે અને અભિમાનપૂર્ણ વ્યવહારોમાં તે પ્રગત થાય છે. એક સુભાષિતમાં આવા દુષ્ટ પ્રવૃત્તિના લોકો અંગે કહ્યું છે કે,

દુષ્ટજન વિદ્યા, ધન અને બળનો ઉપયોગ વિવાદ, મદ અને બીજાઓને દુઃખ આપવા માટે કરે છે. સાધુ - સજ્જન તેનો ઉપયોગ જ્ઞાન, દાન અને રક્ષણ માટે કરે છે. જન્મથી જ સો ટકા દુષ્ટ પ્રવૃત્તિમાં મગ્ન અથવા સત્ પ્રવૃત્તિમાં મગ્ન વ્યક્તિઓની સંખ્યા ઘણી જ ઓછી હોય છે. બહુધા માણસો બંનેની વચ્ચે જ રહે છે.

હવે જે જન્મથી જ મૂળભૂત રીતે વધારે પ્રમાણમાં દુષ્ટ પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા હોય છે, એવી વ્યક્તિમાં સુધારો લાવવો કદાચ કોઈપણ માટે શક્ય નથી. ડુંગળીને અત્તરનો અભિષેક કરીને અથવા કારેલાને ઘી ખાંડમાં ધોવાથી પણ તે પોતાનો ગુણ છોડશે નહીં. આવા માણસોની સેવાથી, યોગદાનથી સંગઠનને બચાવીને રાખવું જ સારું છે. જો કે આવી સાવધાની હંમેશા રાખવામાં આવે છે જ એવું નથી.

# જામકામાં ગાય આધારિત કૃષિનો વીસ પાકોમાં ચમત્કાર

ઈ.સ. ૧૯૯૯માં ચેકડેમ યોજના અને ઈ.સ. ૨૦૦૦ માં ગીર ગાય યોજના પછી મનસુખભાઈ સુવાગીયાની પ્રેરણાથી પરસોત્તમભાઈ સીદપરાના ખેતરમાં ઈ.સ. ૨૦૦૪માં દેશી ગાય આધારિત કૃષિનો પ્રારંભ કર્યો છેલ્લા ૧૬ વર્ષમાં મગફળી, કપાસ, તલ, ઘઉં, ડુંગળી, તવેર, શેરડી, જેવા પાકોમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક ઝેરના ઉપયોગ વગર માત્ર દેશી ગોવંશના છાણ - ગૌમૂત્ર અને ખાટી છાસના ઉપયોગથી કૃષિ પાકોમાં ૨૦ થી ૫૦ ટકા ઉત્પાદન વૃદ્ધિ મેળવેલ છે. રજકો, ઝિંઝવો, જૂવાર, મકાઈના ચારાનું ઉત્પાદન બમણું મળેલ છે, જે જમીનમાં બિલકુલ લસણ થતું નહોતું ત્યાં એક દિઠ ૨૨૫ મણ ૪૫ ક્વિન્ટલનું શ્રેષ્ઠ ઉત્પદન મળે છે.

અત્યારે પરસોત્તમભાઈ સીદપરાના ખેતરમાં દેશી ગાયના ગોબર - ગોમૂત્રથી બાજરી, જુવાર, ઝિંઝવો, જેવો લીલો ચારો તથા પાળા ઉપર પ્લાસ્ટીકના મલ્ચિંગથી ગુવાર, ભીંડો, તુરીયા, ગલકા, કાકડી, ટેટી, કારેલા જેવા શાકભાજીનું વાવેતર કરેલ છે. સામાન્ય રીતે વાવેતર પછી ૫૦ દિવસ પછી શાકભાજીનું ઉત્પાદન મળતું થાય છે. ત્યારે દેશી ગાયના ગોબર - ગૌમૂત્ર અને મલ્ચિંગથી ૩૫ દિવસે ઉત્પાદન મળતું થઈ ગયું. માત્ર એક લાખ રૂા. નું ઉત્પાદન મળશે. આ ઓર્ગેનિક શાકભાજી પરસોત્તમભાઈના દિકરાના લગ્નમાં પણ વપરાશે. ચંતુનાશક ઝેરનો ઉપયોગ ન કરવાથી મધમાખીઓ પુષ્કળ આવે છે. જે ફૂલોમાં બેસીને ક્લીનીકરણનું ઉમદા કાર્ય કરે છે. એથી ઉત્પાદન વદે છે. મનસુખભાઈ સુવાગીયાએ લખેલ ગાય આધારિત કૃષિ પુસ્તક પ્રમાણે શાકભાજીની માવજત કરેલ છે. રાસાયણીક ખાતર અને જંતુનાશક વગર ૧૦ પ્રગારના શાકભાજી સંપૂર્ણ રોગ મુક્ત છે.ગાયના ઝાણ - ગૌમૂત્રથી ટેટી - તરબૂચ - શાકભાજીનું ઉત્પાદન બમણું અને મીઠાશ ચારગણિ થઈ છે. શાકભાજી, કેરી, તરબૂચ, ટેટીની મીઠાસ, સુગંધ અને છોડ વેલાનો વિકાસ જોઈને જામકાની મુલાકાતે આવતા રાજ્ય અને દેશના ખેડૂતો આશ્ચર્યચક્તિ થઈ જાય છે



શાકભાજી - ધાસચારાનું બમણું ઉત્પાદન દિકરાના લગ્ન માટે ઓર્ગેનિક શાકભાજીનું વાવેતર

રાસાયણિક ખાતરો જંતુનાશક ઝેરના બેફામ ખર્ચાથી ખેતી આબાદીના બદલે ખોટનો ધંધો બની ગઈ છે અને ખેડૂતો દેવાદારો બન્યા છે. તેમજ જમીન, પાણી, આહાર ઝેરમય થયો છે. માનવ, ગાયો, પશુધનમાં રોગો, ગર્ભાપત - વંધ્યત્વની માત્રા વધતી જાય છે, અને ઝેર - રસાયણથી સમગ્ર જીવનસૃષ્ટિના અસ્તિત્વ ઉપર ખતરો ઉભો થયો છે ત્યારે દેશી ગાય તેનો સફળ વિકલ્પ અને સમૃધ્ધિ દાતા પુરવાર થઈ છે.

બગસરાના શાપર ગામના શંભુભાઈ ડોબરિયા એ માત્ર દેશી ગાયના છાણ - ગૌમૂત્રથી તલનું વાવેતર કર્યું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં રાસાયણિક ખાતર - દવાના તલથી બમણો વિકાસ અને એકર દીઠ ૩૦ મણ ઉત્પાદન નિશ્ચિત છે. જળક્રાંતિ ટ્રસ્ટના પ્રમુખ મનસુખભાઈ સુવાગીયા જણાવે છે કે કિસાનોની આત્મહત્યા અને ગામડું - કૃષિ છોડીને શહેર તરફની આંધળી દોટનો સાચો ઉપાય જળરક્ષા, આંગણે દેશી ગાય અને ગાય આધારિત કૃષિ છે. આ ત્રણ યોજના આરોગ્ય, જીવનસૃષ્ટિનું અસ્તિત્વ, આબાદી, સ્વાવલંબી રોજગાર અને જમીનની માલિકી જાળવી રાખવાનો સાચો ઉપાય છે. જામકા ગામે દેશને જળક્રાંતિ, ગીરક્રાંતિ અને દેશી ગાય આધારિત કૃષિનો માર્ગ બતાવીને કૃષિ પ્રધાન દેશની તિર્થ ભૂમિ રૂપે નામના મેળવી છે.

## ફળ પાકો, વેલાવાળા શાકભાજી, સરગવાની ખેતી માટે સહાય...

વિવિધ ફળ પાકો તેમજ વેલાવાળા શાકભાજી અને સરગવાની રોપણી અંગે સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર આગામી તા. ૦૭ જૂન સુધી ઓનલાઈન અરજી થઈ શકશે. જે હેઠળ ફળ પાકોના રોપાના પ્લાંટીંગ મટીરિયલ્સની ખરીદીમાં ખેડૂતોને આજીવન એક વખત અને મહત્તમ એક હેક્ટરની મર્યાદામાં સહાય મળશે. જેમાં આંબા માટે રૂા. ૩૨૦૦૦ પ્રતિ હેક્ટર, ચીકુ માટે રૂા. ૨૨૦૦૦ પ્રતિ હેક્ટર, દાડમ માટે રૂા. ૮૦૦૦ પ્રતિ હેક્ટર, જામફળ અને આમળા માટે રૂા. ૫૫૫૬ પ્રતિ હેક્ટર અને બોર માટે રૂા. ૨૭૮૦ પ્રતિ હેક્ટર મુજબ ખર્ચ ગણીને આ ખર્ચના ૯૦ ટકા સુધી સહાય મળશે. ફળ પાકોના રોપાની કિંમત રૂા. ૨૫૦ થી નીચે હશે એમાં જ સહાય મળશે. જ્યારે ટીસ્યુકલ્ચર ખારેકની ખેતી માટે ખાતા દીઠ એક હેક્ટરની મર્યાદમાં રોપાદીઠ રૂા. ૧૨૫૦ની સહાય મળવામાત્ર થશે. જેમાં માન્યતા પ્રાપ્ત ટીસ્યુકલ્ચર લેબમાંથી રોપાની ખરીદી કરવાની રહેશે. વેલાવાળા શાકભાજીના ટીસ્યુકલ્ચર રોપા દ્વારા ખેતી માટે કુલ ખર્ચ રૂા. ૬૦૦૦૦ પ્રતિ હેક્ટર મુજબ ખર્ચના ૫૦ ટકા સહાય મળવાપાત્ર થશે. આ ઉપરાંત સરગવાની રોપણી માટેની સામગ્રી માટે પ્રતિ હેક્ટર રૂા. ૧૭૦૦૦ ખર્ચની ગણતરી પ્રમાણે રૂા. ૮૫૦૦ સહાય તેમજ પ્રતિ હેક્ટર રૂા. ૮૦૦૦ ખર્ચની ગણતરી પ્રમણે રૂા. ૪૦૦૦ સહાય મળશે.

## બ્રાઝીલના બ્લેરો મેગી ૪ લાખ હેક્ટરમાં કરે છે ખેતી

બ્રાઝીલના આધૂનિક ખેડૂત અને બિઝનેસમેન બ્લેરો મેગી દર વર્ષે ૪ લાખ હેક્ટર જમીનમાં આધુનિક પદ્ધતિથી સોયાબીનની ખેતી કરે છે. સોયાબીનના ઉત્પાદનમાં હાલ બ્રાઝીલ



વિશ્વમાં બીજુ સ્થાન ધરાવે છે. જો, બ્લેરો મેગીએ સોયાબીનની ખેતી કરવાનું બંધ કરી દીધુ તો બ્રાઝીલ સોયાબીનના ઉત્પાદનમાં પાંચમા સ્થાને આવી જશે. એક અંદાજ પ્રમાણે બ્લેરો મેગીની સંપતિ રૂા. ૭૭૦૫ કરોડ છે. ફોર્બ્સ મેગેઝીન દ્વારા જાહેર થયેલ વિશ્વના ધનવાન લોકોની યાદીમાં બ્લેરો મેગીનું નામ પણ આવી ચુક્યું છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## હજારો ખેડૂતોને ઔષધિય ખેતી તરફ દોરતા ડૉ. ત્રિપાઠી

છતીસગઢના નકસલવાદ પ્રભાવિત વિસ્તારમાં એક જાગૃત ખેડૂતની પહેલથી હજારો ખેડૂતોના જીવન બદલાયા છે. બેંકમાં અધિકારી કક્ષાની નોકરી છોડીને છતીસગઢના બસ્તરના કોંડાગામ વિસ્તારમાં ૭૦ પ્રકારના ઔષધિય



પાકોની ખેતી કરતાં ડૉ. રાજારામ ત્રિપાઠી ખરા અર્થમાં ખેતીને ઉત્તમ સાબિત કરી રહ્યા છે. તેઓના પ્રયાશોથી શરૂઆતમાં છતીસગઢના ખેડૂતો અને હવે દેશભરના ખેડૂતો વિવિધ ઔષધિય પાકોની ખેતી તરફ વળ્યા છે. આ માટે ડૉ. ત્રિપાઠી દ્વારા સંપદા નામની સંસ્થા શરૂ કરવામાં આવી છે. આ સંસ્થા દ્વારા દેશભરના ખેડૂતોને ઔષધિય પાકોની ખેતી અને તેના વેચાણ અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. અત્યાર સુધીમાં દેશના ૨૨ હજારથી વધુ ખેડૂતો સંપદા સાથે જોડાઈને ઔષધિય પાકોની સંપૂર્ણ ઓર્ગેનિક પદ્ધતિ દ્વારા ખેતી કરતા થયા છે. તેઓના પ્રયાશોથી ઔષધિય પાકોની નિકાશ થઈ છે અને દેશને મોટું હુંડીયામણ મળ્યું છે. આ માટે સેન્ટ્રલ હર્બલ ફેડરેશનની રચના કરવામાં આવી છે. ઔષધિય પાકોની ખેતી કરવા માંગતા ખેડૂતો આ ફેડરેશનની વેબસાઈટ www.chamf.org દ્વારા તેમજ ફેડરેશનના ફોન નં. ૦૭૭૧૨૨૬૨૯૩૩ ઉપર સંપર્ક કરી શકે છે. યુથોપિયા નામના દેશે ડૉ. ત્રિપાઠીને ત્યાં આવી ઔષધિય પાકોની ખેતી કરવા આમંત્રમ આપ્યું છે. વિશ્વ વિખ્યાત બેંક ઑફ સ્કોટલેન્ડ દ્વારા 'અર્થ હીરો'ના સન્માનથી ડૉ. ત્રિપાઠીને નવાજવામાં આવ્યા છે. જ્યારે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો કૃષિમિત્ર પુરસ્કાર ડૉ. ત્રિપાઠીને એનાયત કરવામાં આવ્યો છે. ચીનમાં માત્ર ૪૫૦ જેટલા ઔષધિય પાકોની ખેતી થઈ શકે છે. જ્યારે ભારતમાં ૪૬૦૦ જેટલા ઔષધિય પાકોની ખેતી થઈ શકે છે. આમ, છતાં ચીન ઔષધિયોની નિકાસમાં ભારત કરતા ઘણું આગળ છે. આથી જો યોગ્ય માર્ગદર્શન મળે અને સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવે તો ઔષધિય પાકોની ખેતી અને નિકાસમાં અનેક તકો રહેલી છે.

## ઓર્ગેનિક સર્ટીફિકેટ અંગે ફૂડ વિભાગ દ્વારા ખેડૂતો હેરાનગતિ

ઓર્ગેનિક ઉત્પાદન અંગેના કોઈ સર્ટીફીકેટ વગર કેરીને ઓર્ગેનિક પ્રોડક્ટ તરીકે વેચતા ૯ જેટલા ખેડૂતો અને વેપારીઓને રાજકોટ મહાનગર પાલિકાના ફૂડ વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે. આ નોટિસમાં યોગ્ય જવાબ રજૂ કરવા જણાવાયુ



છે તેમજ જો જવાબ યોગ્ય નહિં હોય તો ફૂડ ફેસ્ટી એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી થશે એમ જણાવવામાં આવ્યું છે.

રાજકોટ મહાનગર પાલિકાની આ કાર્યવાહીથી રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ઓર્ગેનિક ખેતી કરતાં ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. મોટાભાગના ખેડૂતોન ઓર્ગેનિક સર્ટિફિકેશન અંગેની પુરતી માહિતી નથી. આ બાબતે સૌરાષ્ટ્ર સજીવ ખેતી અભિયાનના નેજા હેઠળ ખેડૂતોના એક પ્રતિનિધિ મંડળે રાજકોટ મહાનગર પાલિકાના ફૂડ વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી જેમાં ઓર્ગેનિક સર્ટીફિકેશન અને ફૂડ સેફટીના કાયદા અંગે ખેડૂતોને પુરતી માહિતી આપવા આરોગ્ય વિભાગને જણાવવામાં આવ્યું હતું.

## નીલગાય, ભૂંડને વર્મીન જાહેર કરવાની દરખાસ્ત પરત

નીલગાય અને ભૂંડને વર્મીન જાહેર કરી એના શિકારને મંજુરી આપવાની દરખાસ્ત રાજ્ય સરકારે પાછી ખેંચી છે. રાજ્યના લગભગ તમામ



જિલ્લાઓમાં નીલગાય અને ભૂંડના કારણે ખેડૂતોના પાકને વ્યાપક નુકશાન થઈ રહ્યું હોવાની ફરિયાદોના પગલે રાજ્ય સરકારે આ બન્ને પ્રાણીઓને વર્મીન જાહેર કરવા કેન્દ્ર સરકાર સમક્ષ થોડા મહિનાઓ અગાઉ દરખાસ્ત કરી હતી. જેમાં પ્રાણીઓને પરિશિષ્ટ-૩માંથી દુર કરી પરિશિષ્ટ-૫માં મુકવાની દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે, તાજેતરમાં મળેલી સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની બેઠકમાં આ દરખાસ્ત પાછી ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આથી ગુજરાતમાં જે કાયદો અત્યારસુધી અમલી હતો એ જ હવે પણ અમલી રહેશે અને નીલગાય અને ભૂંડનો શિકાર ગૂનો ગણાશે. બિહાર સહિતના અમુક રાજ્યોએ નીલગાય સહિતના પ્રાણીઓને વર્મીન જાહેર કરી એમના શિકારને મંજુરી આપી છે. જો કે, ગુજરાત સરકારે જીવદયાનો મુદ્દો આગળ ધરીને પોતાની દરખાસ્ત પાછી ખેંચવાનો નિર્ણય લીધો છો.

## ગુજરાતના ૨૦૦થી વધુ ગામોમાં પાણી અને ઘાસચારાની અછત

આકરા ઉનાળા વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની અછત ઉભી થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે હાલ રાજ્યના ૨૫૩



ગામોમાં ટેન્કરો મારફતે પીવાનું પાણી પહોંચડાવામાં આવી રહ્યું છે. જ્યારે પશુઓ માટે ઘાસચારાની તંગીને જોતા રાજ્યના ૨૦૦ ગામોમાં ઘાસચારાનું વિતરણ રાહતદરે કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.સુરેન્દ્રનગર, બોટાદ અને કચ્છ જિલ્લાના પાણી અને ઘાસચારાની સ્થિતિ થોડી ગંભીર હોવાનું જાણવા મળે છે. જામનગર જિલ્લાના મુખ્ય ૧૫ ડેમોમાંથી ૧૩ ડેમોની સ્થિતિ તળિયાઝાટક બની છે. સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં આકરા ઉનાળાનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે બુધવારે રાજકોટ અને અમરેલી જિલ્લાના અમુક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ઉત્તર ગુજરાતના સમી પંથકમાં પણ માવઠું થયું હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

## નકામી સાડીઓ દ્વારા નેટહાઉસ બનાવી ઉત્પાદન વધાર્યુ

રાજસ્થાનના ધૌલપુર જીલ્લાના ભોજપુર ગામના ખેડૂત એવા ગિરાજસિંહ ગુર્જર પોતાની કોઠાસૂઝથી ખેતી કરીને અનેક ખેડૂતો માટે પ્રેરણારુપ બન્યા છે અને તેઓએ બીજા ખેડૂતોના ઉત્સાહમાં વધારો થાય તેવી ખેતી કરી છે. આ



પ્રગતિશીલ ખેડૂતે જૂની અને નકામી સાડીઓ દ્વારા નાનકડું નેટહાઉસ બનાવી શાકભાજીની સફળ ખેતી કરી ઉત્પાદનમાં વૃદ્ધિ કરી છે. જેમાં વાંસની મદદથી નેટહાઉસ બનાવીને વિવિધ શાકભાજીનો ઉછેર કર્યો છે. જેમાં માત્ર અડધા એકર જમીનમાંથી રૂપિયા પચાસ હજારથી વધુની આવક મેળવી છે. હવે તેઓ આજ રીતે આ નાનકડાં એવા ગ્રીનહાઉસમાં શાકભાજીના રોપા ઉછેરી રહ્યા છે. સીધા તડકાથી શાકભાજીના પાકને નુકશાન થતુ હોય છે. જ્યારે નેટહાઉસ નાના ખેડૂતો માટે ખર્ચાળ સાબિત થાય છે. આથી ગિરાજસિંગે પોતાની કોઠાસૂઝ દ્વારા નકામી સાડી અને વાંસમાંથી નેટહાઉસ બનાવી આવકમાં વૃદ્ધિ કરી છે.

ગિરાજસિંગે નકામી સાડીઓની વાડ પોતાના ખેતરની ફરતે કરી છે. જેમાં આ વાડ દ્વારા જંગલી પ્રાણીઓથી પાકને રક્ષણ મળે છે. આમ, વેસ્ટમાંથી બેસ્ટ બનાવીને આ ખેડૂતે ખેતીને ખરા અર્થમાં ઉત્તમ બનાવી છે.





'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો

'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

## વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા (વર્ટીકલ ક્રોપીંગ સીસ્ટમ) માટે સાધન સહાય યોજના




**યોજનાનો ઉદ્દેશ :**

આ યોજનાનો ઉદ્દેશ્ય આદિજાતિ ખેડૂતોને આધુનિક ખેતી વ્યવસ્થા દ્વારા રોજગારી તકો વિકસાવી કુટુંબની આર્થિક સ્થિતિમાં સુધાર કરવાનો છે.

**પાત્રતાના ધોરણો :**

આ યોજના હેઠળ આદિજાતીના ખેતી ધરાવતા ખાતેદાર ખેડૂત કુટુંબો આ યોજનાના લાભાર્થી રહેશે.

**યોજનાના ફાયદા / સહાય**

આ યોજના હેઠળ લાભાર્થીઓને વેલાવાળા પાકો માટે ૧૦ ગુંઠા માટે મંડપ તૈયાર કરવા માટે જરૂરી સાધન ખરીદવા માટે રૂા. ૧૪૫૬૦.૦૦ નાણાંકીય સહાય આપવામાં આવશે.

**પ્રક્રિયા :**

આ યોજના માટેના લાભાર્થીની પસંદગી જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે. જિલ્લાના લક્ષ્યાંક મુજબ પાકની ૠતુ (સીઝન) શરૂ થાય તે પહેલા અરજીઓ મંગાવવાની રહેશે. જે અરજીઓ પૈકી લાભાર્થીની પાત્રતા ધ્યાને રાખી પાત્ર અરજીઓ અલગ કરી મંજુર કરવાની રહેશે.

**અમલકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા.**

જીલ્લા કક્ષાએ યોજનાના અમલીકરણ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી મારફત થશે.

# દાડમનું સીધું વેપારીઓને છૂટક તેમજ બ્રાન્ડનેમ બંને રીતે થતું વેચાણ...!

૧૦૦ એકરમાં દાડમમાં પાંચ વર્ષના, ત્રણ વર્ષના અને બે વર્ષના જુદા જુદા ઝાડ છે. બધું અલગ અલગ સમયે વાવેતર કરેલું છે. દાડમના બાગમાં ત્રણેય સિઝનમાં ૪૦ એકરના બે અને ૨૦ એકરનો એક એમ કુલ ત્રણ પ્લોટ પાડીને વારાફરતી ફાલ આવે છે. એટલે ત્રણેય સિઝનમાં દાડમનું વારફરતી ઉત્પાદન ચાલુ જ રહે છે. હાલમાં એક ઝાડ પરથી ૨૦ થી ૨૨ કિલો જેટલું ઉત્પાદન મળે છે. દાડમના અત્યારે ૨૦ રૂપિયા ભાવ છે. જે દોઢ મહિલના પહેલા ૧૨૦ રૂપિયા કિલોના મળતા હતા. ગત વર્ષે ૯૦ર રૂપિયે માલ વેચાયો આ વખતે એવરેજ ૫૦ થી ૫૫ રૂપિયા ભાવ મળ્યા છે.

આ સિવાય દાડમનું દુબઈમાં એક્સપોર્ટ પણ કરવામાં આવે છે. ફાર્મ ઉપરથી જ યોગ્ય વજનના બોક્સ પેક કરીને કન્ટેઈનર ભરીને મોકલવામાં આવ્યું છે. એક ક્રેટનરમાં ૧૫ ટન માલ આવે છે. આ વખતે શરૂઆત કરી છે. બીજો બળો માલ દિલ્હી મોકલવામાં આવ્યો છે. પાકના વિકાસ માટે જરૂરી ખાતરો ડ્રિપ વડે જ આપવામાં આવે છે. તેઓ જાતે જ વાડીનું તેમજ બજારનું ધ્યાન આપે છે.



મોટી વાડી હોઈ વેપારીઓ સામેથી વાડી પર મળવા આવી દાડમના ભાવ નક્કી કરી જાય છે. જે સારા ભાવ આપે તેમને વેચાણ કરવામાં આવેલ છે. વાડીએ કામ કરવા માટે ૧૦ કાયમી માણસો રાખેલા છે. જે નાનું મોટું કામ દરરોજ કર્યા કરે છે. ખેતરમાં ફરવા માટે રોડ રસ્તા કરેલા છે. દાડમ ઉતારવા માટે ૨૦ માણસો રાખેલા છે. રોજ સિઝનમાં ૧૦ ટન જેટલો માલ ઉતારી જાય છે. દાડમની ખેતીમાં ખર્ચ બાબતે જોઈએ તો વર્ષ દરમિયાન એક થડ પાછળ ૧૭૦ રૂપિયા જેટલો ખર્ચ આવવા સામે સારા ભાવ મળે તો. ૧૦૦૦ રૂપિયા જેટલી આવક આવે છે.દાડમનું છૂટક તેમજ પોતાની બ્રાન્ડ નેમ બંને રીતે વેચાણ તાય છે. દાડમનું મોટેભાગે દિલ્હીમાં વેચાણ થાય છે.

ખરેખર ખેડૂતોએ ખેતીમાં બિચારા થવાને બદલે આધુનિક્તા અપનાવી પ્લાનિંગથી ખેતી કરવી જોઈએ. ૪૦ એકરમાં ગ્રો કવરમાં સફળતા મળશે તો તમામ ઝાડને આવી રીતે કવર કરીને ઉત્પાદન જાળવવામાં આવશે. અત્યારે તો ખૂબ જ સારો ફાયદો મળ્યો છે. ફળની ગુણવત્તા સુધરી છે. અને છોડનો ગ્રો પણ વધ્યો છે. આ સિવાય અમારી બીજી ૨૦૦ એકર જમીનમાં પણ દાડમનો જ બાગ બનાવવાનો છે. જે માટે હાલમાં ૫૦૦૦૦ રોપા નવા મંગાવીને રાખ્યા છે. જેનું વાવેતર ચાલુ છે. દાડમના નવા વાવેતરમાં ખાડા ખોદી બે કિલો છાણિયું ખાતર આપીને પછી રોપો લગાવવામાં આવે છે. હાલમાં નવું વાવેતર પૂરું થતાં કુલ ૩૦૦ એકરનો દાડમનો બાગ બની જશે.

જા.નં. મસબ/૦૧/ત-૩/૬૪/૨૦૧૭
રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૦/૧,
ડી. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા. ૧૩-૪-૨૦૧૭

પ્રતિ,
(૧) ચેરમેન/ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસરશ્રી
ધી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. (તમામ)
(૨) ચેરમેનશ્રી / ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી
ધી કોડીનાર તાલુકા બેંકિંગ યુનિયન લી.,
મુ. કોડીનાર, જિ. ગીર - સોમનાથ૭

**વિષય : ૭ ટકાના દરે રૂા. ૩/- લાખ સુધીનું પાક ધિરાણ મેળવતા ખેડૂતો પૈકી સમયસર ધિરાણ પરત ભરતા ખેડૂતોને પ્રોમ્પ્ટ પેમેન્ટ અંતર્ગત વ્યાજ રાહત આપવા બાબત...**

**સંદર્ભ : નાબાર્ડનો તા. ૨-૮-૨૦૧૬ નો સરક્યુલર નં. ૮૯/DOR-૪૬૨૦૧૬-૧૭**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપ જાણો છો તે પ્રમાણે કેન્દ્ર સરકારશ્રી દ્વારા નાબાર્ડ મારફતે અમલમાં મૂકેલ યોજનાનું મુજબ સમયસર પાક ધિરાણ પરત કરતાં ખેડૂતોને ૩ ટકા વ્યાજ રાહત મળવાપાત્ર છે અને રાજ્ય સરકાર દ્વારા, એપ્રિલ થી સપ્ટેમ્બર દરમ્યાન પાક ધિરાણ મેળવેલ ખેડૂતો, જો સમયસર આ ધિરાણ પરત કરે તો તેમના માટે ૩ ટકા વ્યાજ રાહતની યોજના અમલમાં મૂકેલ છે.

નાબાર્ડ અને રાજ્ય સરકારની યોજનાની શરતો મુજબ ખેડૂતોએ રૂા. ૩/- લાખની મર્યાદામાં મેળવેલ ટૂંકી મુદ્દતનું પાક ધરાણ તેને પરત ભરપાઈ કરવાની બેંક દ્વારા નક્કી કરવામાં આવેલ મુદ્દત અથવા તો વધુમાં વધુ એક વર્ષ આ બે પૈકી જે વહેલું હોય તે સમયગાળામાં પરત ભરપાઈ કરે તો આ વ્યાજ રાહતની યોજનાનો લાભ મળી શકે.

નાબાર્ડ અને આ કચેરીની વ્યાજ રાહતની આ યોજનાની શરતો મુજબ બેંકે આ વ્યાજ રાહત રીએમ્બર્સ સ્વરૂપે મેળવવાનું હોય છે અને ખેડૂત પાસેથી ફક્ત એક ટકા પ્રમાણે વ્યાજ વસુલ લેવાનું હોય છે અને જે ખેડૂતો ઉપર જણાવ્યા પ્રમાણે સમયસર પાક ધિરાણ પરત ભરપાઈ કરે તેમને આ યોજનાનો લાભ આપવાની હોય છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જ્યારે સમયસર પાક ધિરાણ પુરત ભરત ખેડૂતો માટે વ્યાજ રાહતની યોજના ચોક્કસ શરતો સાથે અમલમાં મુકેલ હોય ત્યારે તે મુજબ ચૂસ્તપણે અમલ કરવા દરેક જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને જણાવવામાં આવેલ છે.

રાજ્યમાં સહકારી ધિરાણ માટેનું ત્રિસ્તરીય માળખું અમલમાં છે ત્યારે અને મોટાભાગની પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ (પેક્સ) દ્વારા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાસેથી અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, રાજ્યસહકારી બેંક પાસેથી પાક ધિરાણ માટે ફંડ મેળવતા હોય ત્યારે તથા નાબાર્ડ દ્વારા ઓછા વ્યાજના દરે ફાયનાનાન્સ આપવામાં આવતું હોય તથા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સહકારી ધિરાણ માળખાની સંસ્થાઓ દ્વારા પાક ધિરાણ માટે તેમના રોકાયેલ ફંડ પર પણ વ્યાજ રાહત આપવામાં આવતી હોય ત્યારે તમામ સંસ્થાઓએ ખેડૂતો અને પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીના હિતને ધ્યાનમાં રાખી વ્યાજ રાહતની યોજનાઓનો યથાર્થ રીતે અમલ કરવો અપેક્ષિત છે. આમ સમયસર પાક ધિરાણ પરત ભરપાઈ કરે તે ખેડૂતોને આ યોજનાનો લાભ આપવાનો હોય છે અને ફક્ત એક ટકા પ્રમાણે વ્યાજ વસુલ લેવાનું હોય છે. આપના દ્વારા આ બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતોથી આ કચેરીને વાકેફ કરવા વિનંતી છે.

(નલિન ઉપાધ્યાય)
રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.




**હમણાં અમદાવાદ થી આવ્યો વતનમાં !!!**

રસ્તામાં ચાર બોટલ પાણી લીધેલું !! એક બોટલનાં વીસ રૂપિયા લીધાં મારા વાલિડા હોટેલ વાળાએ ત્યારે મને વિચાર આવ્યો કે એક લિટરનાં વીસ રૂપિયા એટલે એક મણ પાણીનાં ચારસો રૂપિયા થયાં... હવે લોહી પાઈ પાઈને ઉછરેલા કપાસનાં મણનાં માંડ આઠસો રૂપિયા આવે અને પાણીનાં મણનાં ચારસો રૂપિયા આવે છે !! વિચારું છું કે આવતા વરસે કપાસ પડતો મુકીને પાણીનો ધંધો કરવો છે....

*એક ખેડૂતની વેદના !!!*

# આયોડિનયુક્ત મીઠું આરોગ્ય માટે હાનિકારક છે

ભોજનમાં સબરસ તરીકે ઓળખાતું મીઠું યાદ આવે ત્યારે આપણને બજારમાં વેચાતું, દૂધ જેવું સફેદ, સરસર સરકતું આયોડિનયુક્ત મીટું જ નજર સામે તરી આવે છે. આયોડિનની ઉણપના બહગાને આપણને પરાણે જે મીઠું ખવડાવવામાં આવે છે તે દરિયાનાં પાણીમાંથી બન્યું હોય છે. ઈ.સ. ૧૯૩૦ પહેલા ભારતમાં બહુ ઓછા લોકો દરિયાનાં પાણીને સૂકવીને બનાવાતું સફેદ મીટું ખાતા હતા. ભૂતકાળમાં સમગ્ર ભારતના લોકો સિંધાલૂણ તરીકે ઓળખાતું મીઠં જ ખાતા હતા. સિંધાલૂણ હજારો વર્ષોથી પૃથ્વીના પેટાળમાં ખડકના રૂપમાં મોજૂદ છે. આ કારણે જ અંગ્રેજીમાં તેને રોક સોલ્ટ કહેવામાં આવે છે. આજના પાકિસ્તાનમાં આવેલા સિંધ પ્રાંતમાં તો રોક સોલ્ટના મોટા મોટા પહાડો હતા., જેને ખોદીને સિંધાલૂણ મેળવવામાં આવતુ અને સમગ્ર ભારતમાં મોકલવામાં આવતું હતું. આયુર્વેદની દૃષ્ટિએ સિંદાલૂણ દીપન અને પાચન માટે ઉત્તમ રસાયણ છે. સિંધાલૂણ ત્રિદોષશામક, શીતવીર્ય અને પચવામાં હલકું હોવાને કારણે હૃદય માટે ઉત્તમ ટોનીકની ગરજ સારે છે.

આજે આપણે જે આયોડિનયુક્ત નમક ખાઈએ છીએ તેમાં મીઠામાં રહેલા સોડિયમ ક્લોરાઈડ સિવાયનાં તમામ મિનરલ્સ કાઢી નાખવામાં આવે છે અને આયોડિન ઉમેરવામાં આવે છે. હકીકતમાં જે લોકો દરિયાની નજીક વસતા હોય તેમના આહારમાં શાકભાજી અને ફળફળાદિના માધ્યમથી કુદરતી રીતે જ આયોડિન મળી રહેતું હોય છે. તેમના મીઠામાં આયોડિન ઉમેરવાની કોઈ જરૂર હોતી નથી. આયોડિનની ઉણપ માત્ર પહાડી ક્ષેત્રોમાં વસતા લોકોના શરીરમાં જોવા મળે છે. તેમને પણ આયોડિનયુક્ત મીઠું ખવડાવવાને બદલે અલગથી આયોડિનની ગોળી આપવામાં આવે તો તેમની ઉણપ દૂર થઈ જાય છે. હકીકતમાં આયોડિનયુક્ત નમકના ઉત્પાદકોએ સરારને સાધીને અઢળક નફો રળવાના ઉદ્દેશથી મીઠામાં ફરજિયાત આયોડિન ઉમેરવાનો કાયદો કરાવ્યો છે.

મીઠું એક એવી જીવનજરૂરિયાતની ચીજ છે કે તેના વગર કોને ચાલતું નથી. આપણા દેશમાં મીઠું એક સમયે ૫૦ પેસે કિલોગ્રામના ભાવે વેચાતું હતું ત્યારે કેટલાક લાલચું ઉદ્યોગપતિઓની નજર મીઠાના ધંધા પર પડી હતી. તેમણે પહેલા મીડિયાનો દુરૂપયોગ કરીને મોટા પાયે પ્રચાર કરાવ્યો કે જો આયોડિન વગરનું મીઠું ન ખાવામાં આવે તો આરોગ્યને નુકશાન થઈ શકે છે. પછી તેમણે સરકારને સાધીને કાયદો કરાવ્યો કે આયોડિન વગરનું મીઠું બજારમાં નહીં. જે મીઠું બજારમાં ૫૦ પૈસે કિલોગ્રામના ભાવે મળતુ હતું તેમાં આયોડિન ઉમેરતાં તે પાંચ રૂપિયા કિલોગ્રામના ભાવે વેચાવા લાગ્યું હતું. આજે તો બજારમાં મીઠાનો ભાવ ૨૦ રૂપિયે કિલોગ્રામ પર પહોંચી ગયો છે.

**મીઠાનું કડવું સત્ય**

**ભોજન માટે સિંધાલૂણનો ઉપયોગ કરવો જોઈએ**




આપણી સરકાર જે આયોડિનયુક્ત મીઠાની દલાલી કરે છે તેના પર દુનિયાના ૫૬ દેશોમાં પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે, જેમાં અમેરિકા ઉપરાંત જર્મની, ફ્રાન્સ અને ડેનમાર્ક જેવા દેશો પણ સામેલ છે. ડેનમાર્કની સરકારે તો છેક ઈ.સ. ૧૯૪૦ની સાલમાં આયોડિનયુક્ત મીઠું ફરજિયાત બનાવતો કાયદો ઘડ્યો હતો.

ઈ.સ. ૧૯૫૬ સુધીમાં ડેનમાર્કની સરકારને ખ્યાલ આવ્યો કે આયોડિનયુક્ત મીઠું ખાવાને કારણે પ્રજાની ફળદ્રુપતા ઘટતી જાય છે ત્યારે તેણએ તેના પર પ્રતિબંધ ફરમાવી દીધો હતો. તે વખતે અમેરિકા અને યુરોપના શ્રીમંત દેશો ભારતની અને ચીનની વધતી વસતીથી ભયભીત હતા. તેમને ડર હતો કે ભારતમાં અને ચીનમાં જો વસતિનો વિસ્ફોટ થશે તો યુરોપ અને અમેરિકામાં તેઓ વસવાટ કરશે અને તે ખંડો કબજે કરી લેશે. આ કારણે તેમણે ભારતમાં અને ચીનમાં સંતતિનિયમના કાર્યક્રમો શરૂ કરાવ્યા. આ કાર્યક્રમનો એક ભાગ આયોડિનયુક્ત નમકનો પ્રચાર હતો.

સમુદ્રના મીઠાને આયોડિનયુક્ત બનાવવા માટે તેમાં ટ્રાઈકેલ્શિયમ ફોસ્ફેટ, મેગ્નેશિયમ કાર્બોનેટ, સોડિયમ એલ્યુમિનો સિલિકેટ વગેરે કેમિકલ્સ ઉમેરવામાં આવે છે, જે રક્તવાહિનીમાં જામી જાય છે. તેને કારણે હૃદયને લોહીનો પુરવઠો પહોંચાડતી ધમનીમાં બ્લોક્સ આવે છે. આયોડિનયુક્ત મીઠું ખાવાને કારણે સાંધાના દુખાવાની અને પ્રોસ્ટેટની સંભાવના વધી જાય છે. જેમ ખોરાકમાં આયોડિનની ઉણપથી રોગો થાય છે તેમ વધુ પડતું આયોડિન આપણા શરીરમાં જાય તો પણ રોગો થાય છે. ટ્રાન્સપાોર્ટેશનામાં આયોડિનનું બાષ્પીભવન થઈ જતું હોવાથી આયોડિનયુક્ત મીઠા બનાવાતી કંપનીઓ મીઠામાં જરૂર કરતા વધુ આયોડિન ઉમેરતી હોય છે. તેને કારણે પણ આરોગ્યને નુકસાન થાય છે. આહારમાં સિંધાલૂણનો ઉપયોગ કરવાથી બ્લડ પ્રેશર પણ કંટ્રોલમાં રહે છે. સિંધાલૂણમાં જે આયોડિન હોય છે તે કુદરતી હોય છે, માટે તે આરોગ્યને ફાયદો કરે છે. આયોડિનયુક્ત મીઠામાં જે આયોડિન હોય છે તે ફેક્ટરમાં બનાવેલું કેમિકલ હોય છે, માટે તે આરોગ્યને નુકસાન કરે છે. સમુદ્રમાંથી મળતાં મીઠામાં માત્ર સોડિયમના ક્ષારો જ હોય છે, જ્યારે સિંધાલૂણમાં સોડિયમ ઉપરાંત પોટેશિયમ અને મેગ્નેશિયમના ક્ષારો પણ હોય છે, જે આરોગ્ય માટે લાભકારક ગણાય છે.

સમુદ્રમાંથી બનતું મીઠં પ્રમાણમાં એસિડિક હોવાથી તેના સેવનથી શરીરમાં આમ્લતા વધે છે. સિંધાલૂણ સ્વભાવથી આલ્કલાઈન હોય છે. શરીરમાં જે આમ્લતા હોય છે તેની સિંધાલૂણ બાદબાકી કરી નાખે છે, જેને કારણે શરીર તંદુરસ્ત બને છે. લોહીમાં આમ્લતા દૂર થતાં જ ૪૮ પ્રકારના રોગોમાં રાહત થાય છે. સિંધાલૂણમાં ૯૭ પ્રકારના પોષક તત્વો હોય છે. આ કારણે જ ઉપવાસમાં સાદું મીઠું વાપરવાને બદલે સિંધાલૂણ વાપરવામાં આવે છે. સિંધાલૂણના ઓષધિય ગુણોને કારણએ જ આયુર્વેદમાં હિંગાષ્ટક, લવણ ભાસ્કર વગેરે દવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

# ખેતરો વેચવા છતાં દેવું નહીં ભરાતાં લાડોલના પટેલ ખેડૂતનો આપઘાત

છેલ્લા ૫ વર્ષમાં ખેતીમાં આવેલા નુકસાનની ભરપાઈમાં ખેતરો વેચી મરનારા લાડોલ ગામના ૫ દિવસથી ગુમ ૫૯ વર્ષના ખેડૂતે અમદાવાદમાં રિવરફ્રન્ટના ઊંડા પાણીમાં મોતની છલાંગ લગાવ્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદથી લાશ લઈને પરત ફરેલા પરિવારજનોના કલ્પાંતે વાતાવરણ ગમગીન બનાવ્યું હતું. વિજાપુર તાલુકાના લાડોલ ગામના રજનીભાઈ ચુનીલાલ પટેલ અન્યની જમીન ઉધેડથી વાવતા હતા. જેમાં તેમને છેલ્લા ૫ વર્ષથી નુકસાન થતું હતું. છેલ્લા ૩ વર્ષમાં ખેતીમાં થયેલા નુકસાનને પગલે જમીન વેચીને રૂા. ૧૮ લાખનું દેવું ભરનારા રજનીભાઈએ તાજેતરમાં ખેતી માટે બેંકમાં લોન લેવા તજવીજ કરી હતી. જોકે, બેંકમાં મોરગેજ કરવા મિલકત ન હોઈ તેમને લોન મળી શકી ન હતી. જેથી છેલ્લા કેટલાક સમયથી તેઓ ગમગીન રહેતા હતા. અને ૫ દિવસ પૂર્વે ઘરેથી કોઈને કહ્યા વિના નીકળી ગયા હતા. રજનીભાઈ પટેલની



પરિવારજનો શોધખોળ કરી રહ્યા હતા, તે સમયે અમદાવાદ પોલીસે તેમનો રિવરફ્રન્ટના પાણીમાં પડી આપઘાત કર્યાની જાણ કરતાં હેબતાઈ ગયા હતા. ખિસ્સામાં રહેલા લાયસન્સને આધારે ઓળખ થતાં રજનીભાઈની લાશ લઈને મંગળવારે રાત્રે લાડોલ ગામે પરત ફર્યા હતા. આ અંગે આક્રોશ ઠાલવતાં કિસાન સંઘ, વિજાપુરના પ્રમુખ મહેન્દ્ર પટેલે જણાવ્યું કે, રજનીભાઈ ૩ વર્ષથી ખેતીમાં થયેલું દેવું ખેતર વેચીને ભરપાઈ કર્યા પછી હાથમાં કંઈ ન રહેતાં બેંકમાં ગયા હતા. પરંતુ બેંકે પણ તેમને લોન આપી નહીં. આથી આપઘાત કર્યો છે.

## રવિવારે ગુમ થયાની પોલીસમાં જાણ કરી હતી

ઘરેથી કહ્યા વિના ચાલ્યા ગયેલા રજનીભાઈની પરિવારે સગાસંબંધી અને પરિચિતોને ત્યાં શોધખોળ કરી હતી. જેમાં તેમનો પત્તો ન મળતાં આખરે વિજાપુર પોલીસ મથકમાં તેઓ ગુમ થવા સંબધે જાણવા જોગ નોંધાવી હતી.

## શ્રધ્ધાંજલિ



**સ્વ.નવિનભાઈ કાનજીભાઈ પટેલ**

**(પૂર્વ તાલુકામંત્રી ભા.કિ.સંઘ)**

**તા. ૧૧-૫-૨૦૧૭**

**સ્વ. શ્રી નવિનભાઈ કે. પટેલ મુ.ખરેડીયા કંપા, તા. વડાલી પૂર્વ વડાલી તાલુકામંત્રી અને સક્રીય કાર્યકરનું દુઃખદ નિધન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ અભ્યાર્થના...**

પ્રદેશ પરિવાર વતી,
અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દુધાત્રા

# અળસીયાનું ખાતર બનાવવાની રીત અને તેની કેટલીક અગત્યતા

શ્રી એસ.એચ. લાખાણી, ડૉ. વિ.સી. ગઢિયા,
શ્રીમતી એ.કે. બારૈયા અને ડૉ. કે.પી. બારૈયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર

(ગતાંકથી આગળ....)

ઉનાળામાં ગરમીના દિવસો દરમ્યાન પાક અવશેષોનું આવરણ કરવું જેથી બાષ્પીભવનથી ઉડી જતુ પાણી બચાવી શકાય. ટપક પદ્ધતિ અથવા માઈક્રોસ્પિકલર ગોઠવવાથી વધુ સુગમતા રહે છે. અળસીયાની કામગીરી ભેજની યોગ્ય માત્ર અને ઉષ્ણતામાન ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે.



**અગત્યની કાળજી :**

● તાપ અને વરસાદ આરક્ષીત જગ્યાએ, પાણી ન ભરાય તેવી જગ્યાએ ૩ મીટર પહોળો તથા જરૂરીયાત મુજબ ૧૦ થી ૩૦ મીટર લંબાઈનો પાકો / કાચો શેડ બનાવવો. ● દરરોજ પાણીનો હળવો છંટકાવ કરો અથવા ડ્રીપર નળી ગોઠવી પાણી આપો. ● ૫૦ થી ૬૦ ટકા ભેજ તથા ૨૫ થી ૩૦ ઉષ્ણતામાન જાળવવાથી અલસીયા મહત્તમ કાર્યશીલ રહેશે. ● જરૂરિયાત મુજબ અર્ધકોહવાયેલ કમ્પોષ્ટ / અવશેષો ઉમેરતા રહેવું. ● ૪૦ થી ૬૦ દિવસે સમગ્ર સપાટી ઉપર ભૂખરા રંગનો જીરૂ જેવો દાણાદાર પાવડર જોવા મળશે જે વર્મી કમ્પોષ્ટ તૈયાર થયાનું દર્શાવે છે. ત્યારબાદ ૪ થી ૫ દિવસ પાણી બંધ કરવું. જેથી અળસીયા વર્મીબિડમાં નીચે જતા રહેશે. ઉપલા સ્તરનો પાવડર ભેગો કરી છાયામાં રાખવો. ● કુલ સેન્દ્રિય પદાર્થોના ૫૦ થી ૬૦ ટકા વર્મી કમ્પોષ્ટ મળે છે.

**ખાતર બનાવવાનો જરૂરી સમય :**

આશરે ૪૫ થી ૫૦ દિવસ ઉપરના ભાગમાં એકદમ ભૂખરા રંગના રાઈના દાણા જેવા દાણા પાઉડર જોવા મળશે. ધીરેધીરે આખા બેડમાં આવા ભૂખરા રંગનો દાણાદાર પાઉડર થઈ જાય છે. ત્યારે સમજવું કે હવે અળસીયાનું ખાતર તૈયાર થઈ ગયું છે. આવા સમય દોઢ થી બે માસ બાદ ચાર થી પાંચ દિવસ પાણી આપવાનું બંધ કરવું. પરિણામે અળસીયા નીચે જલ્દીથી સડી ન જાય તેવા ેપાકના અવશેષોમાંથી ઉપરનો દાણાદાર પાઉડર હળવા હાથે અલગ કરી પ્લાસ્ટીકના કપડા ઉપર સુકવી ઝડગો કરો.

એકદમ નાના અળસીયા જેને કકુન કહે છે તે અને અળસીયા સાથે આવેલા હશે તો ઢગલામાં નીચે જતા રહેશે જેને ફરી વખત વર્મી બેડમાં ઉમેરી દેવા ફરી વખત પાકના અવશેષો, સેન્દ્રિય પદાર્થો અને છાણ ઉમેરી પુનરાવર્તન કરતા રહેવું. અળસીયાની સંખ્યા વધતી જશે, ખાતર બનવાની ઝડપ પણ વધે છે. આ રીતે બનેલ વર્મી કમ્પોષ્ટ એટલે કે અળસીયાના ખાતરમાં સામાન્ય કમ્પોષ્ટ નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાસ, ગંધક અને સૂક્ષ્મ તત્વનું પ્રમાણ વધુ હોય છે. આ ખાતરમાં જમીનમાં સૂક્ષ્મ જીવાણુ ની ગતિશીલતા વધરાવામાં મદદરૂપ થાય છે. જેના પરિણામે વિટામીન, ઓક્ઝીન, સાઈટોનિક્સ, હોર્મોન્સ વગેરેની સક્રિયતા વધે છે. જમીનમાં રહેલ સેન્દ્રિય પદાર્થોના વિઘટનની કામગીરી ઝડપી બને છે. પાકની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. જમીનની ભૌતિક સ્થિતિમાં સુધારો થતા જમીનની ભેજ શોષક અને ભેજ સંગ્રહ શક્તિમાં વધારો થાય છે. જમીનનું ઉષ્ણતામાન જાળવી રાખવામાં મદદ કરે છે. કચરાનો નિકાલ કરવાથી આરોગ્યની લગતી સમસ્યાઓમાં પણ ઘટાડો થાય છે.

વધુ આવતાં અંકે

# ગોરસ વિજ્ઞાન

ડૉ. હિતેશભાઈ જાની
હેડ - પંચકર્મ વિભાગ,
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર

## ગાય – અતુલ્ય – અમૂલ્ય – અદ્‌ભુત



**ક્યું દૂધ સારું ગાયનું કે ભેંસનું ?**

આપણે ત્યાં હજારો વર્ષોથી ગાયના દૂધને અમૃત કહેલું છે. તો પછી ભેંસના દૂધને અમૃત કેમ નથી કહ્યું ?

ગાયને પવિત્ર કહેવામાં આવે છે. 'ગૌ માતા' એમ આપણે કહીએ છીએ. પરંતુ ભેંસના પાડાને 'યમરાજા' (મૃત્યુ) નું વાહન કહ્યું છે અને ભેંસ કે બકરીને કેમ માતા કહી નથી ?

આ બાબતે ગાયના દૂધ અને અન્ય દૂધના ખાસ કરીને ભેંસના દૂધની સાથે સરખામણી કરીએ તો જ સમજી શકીશું કે ગાયના દૂધનું શા માટે મહત્વ છે ?

**કેરોટીન**

ગાયના દૂધમાં ભેંસના દૂધ કરતા કેરોટીનનું પ્રમાણ વધારે હોય છે. કેરોટીન એ આંખ માટે ખૂબ જ સારું છે.

**સ્મોલ મોલેક્યુલ :**

ગાયના દૂધમાં જે ચરબીના કણો હોય છે તે ૫ માઈક્રોન કદના હોય છે જ્યારે ભેંસના દૂધના કણો ૮ થી ૧૦ માઈક્રોન કદના હોય છે. ગર્ભાવસ્થામાં બાળકનું મસ્તિષ્ક બનતું હોય છે, જેના કારણે બાળકોનો IQ (ઈન્ટેલીજેન્ટ ક્વોશન્ટ) તૈયાર થતો હોય છે.

ત્યારે ગાયના દૂધના કણો સૂક્ષ્મ હોવાથી તે માતાના શરીરમાંથી બાળકના મસ્તિષ્ક સુધી પહોંચી અને મસ્તિષ્કનો વિકાસ કરનારા સેરીબ્રોસાઈડ નામના કણો બનાવી મગજનો ઉચ્ચત્તમ વિકાસ કરે છે. જ્યારે ભેંસના દૂધના કણો મોટા હોવાથી તે પ્રકારની ક્ષમતા ન હોવાથી બુદ્ધિનો આંક નીચે રહે છે.

ગાયના દૂધમાં મગજના કોષોના વિકાસ માટે જરૂરી ફોસ્ફોલાઈવેજ દા.ત. લિસથીન તેમજ આવશ્યક ફેટી એસિડની માત્રા વધારે હોય છે. જેથી સગર્ભાવસ્થામાં ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણાયું છે અને બાળકના જન્મ પછી પણ શરૂઆતના ૨ થી ૩ વર્ષ અને છેક ૧૨ વર્ષ સુધી બાળકના મસ્તિષ્કનો વિકાસ થઈ શકે છે તેથી ગાયના દૂધનું વિશેષ મહત્વ છે. વ્યવહારમાં પણ ભેંસના બચ્ચાને 'ડોબુ' કહે છે. જે બાળકો ચબરાક સતેજ નથી હોતા અને ગ્રહણશક્તિ ઓછી હોય છે તેવા બાળકોને સમાજમાં લોકો 'ડોબા જેવો થયો છે' તેમ કહે છે.

**કોલેસ્ટેરોલ - હાર્ટ એટેક અને સ્થૂળતા (આબોસિટી) :**

ગાયના દૂધમાં કોલેસ્ટેરોલ (ચરબીનો પ્રકાર) ભેંસના દૂધની સરખામણીએ ઘણું ઓછું હોય છે. કોલેસ્ટેરોલ લોહીની નળીઓમાં અને હૃદયની ધમનીમાં જમા થાય છે ત્યારે હાર્ટએટેક આવે છે. આ કોલેસ્ટેરોલ ભેંસના દૂધ અને ઘીમાં વધારે હોય છે. તેથી ભેંસના દૂધની સરખામણીએ ગાયનું દૂધ ઉત્તમ ગણ્યું છે.

ભેંસના દૂધ અને ઘી થી શરીરની ચરબી ખુબ વધતી હોય છે. આના કારણે સ્થૂળતાનું પ્રમાણ ખુબ વધારે રહે ચે. ભેંસનું દૂધ અને ઘી ખાનારા લોકો મેદસ્વી હોય છે જ્યારે ગાયનું દૂધ - ઘી ખાનારા પુરુષો ખડતલ, સપ્રમાણ અને મહિલાઓ સુડોળ કાયા ધરાવતી બને છે.

**સર્કરા / પ્રોટીન રેશિયો :**

ગાયના દૂધ અને ભેંસના દૂધમાં પ્રોટીન અને સર્કરાનો રેશિયો અલગ - અલગ હોય છે.

ગાયના દૂધમાં પ્રોટીનનું પ્રમાણ ઓછું હોય છે પરંતુ તેની સરખામણીએ શર્કરાની માત્ર વધુ હોય છે. તેથી તે સુપાચ્ય બને છે, આંતરડામાં લેક્ટોબેસિલસ બેક્ટેરીયાનું પ્રમાણ વધતાં લેક્ટોઝ (શર્કરા) માંતી લેક્ટિક એસિડ ઉત્પન્ન થાય છે. પરિણામે શરીરને બીનજરૂરી અથવા નુકશાન કરનારા અતિસૂક્ષ્મ બેક્ટેરીયાની વૃદ્ધિ અટકે છે.

વળી, લેક્ટોઝ શરીરમાં ચરબી જમા થવા દેતું નથી. ઉપરાંત આજ કાલ જેની બહુ ચર્ચા છે તે 'આયોડીન' નામનું તત્વ ગાયના દૂધમાં સારું એવું હોય જે ભેંસના દૂધમાં બિલકુલ હોતુ નથી. આયોડીન તત્વો થાઈરોઈડ ગ્લેન્ડની ક્રિયા માટે તથા તેમાંથી ઉત્પન્ન જરૂરી છે. ભેંસનું દૂધ વધારે પીનારા લોકોને આ થાઈરોઈડની ખામી વધારે જોવા મળે છે.

*સમાપ્ત*

# દૂધ ચકાસણી મશીનોનાં... અનુ. પાના ૮નું ચાલુ

મશીનની સ્થાપના માટે સહાય આપવામાં આવે છે.

મહિલા મંડળી માટે દૂધ ભેળસેળ ચકાસણી માટેના મશીનની (એમએડીએમ) સ્થાપના માટે ડીએમએસ-૧ યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિ વિસ્તારના જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો માટે સહાયનું ધોરણ એકમ કિંમતના ૭૫ ટકા લેખે રહેશે. આવા મશીનની સ્થાપના માટે પશુપાલન નિયામક જી. સી. એમ. એમ. એફ દ્વારા એમ્પનલમેન્ટમાં માન્ય થયેલા વિક્રેતા કે ડીલર પાસેથી ખરીદ કરવાના રહેશે. આ યોજના અંતર્ગત મશીનોની સ્થાપના માટે સહાયનો રાજ્યનો વર્ષ ૧૭-૧૮ નો સંભવિત લક્ષ્યાંક ૭૫ નક્કી કરવામાં આવ્યો છે.



જ્યારે ડીએમએસ-૧ યોજના અંતર્ગત મહિલાઓ અને સામાન્ય કેટેગરીમાં આવતા લોકો માટે જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો માટે સહાયનું ધોરણ એકમ કિંમતના ૫૦ ટકા લેખે રહેશે. આ યોજના અંતર્ગત દૂધ ભેળસેળ ચકાસણી મશીનોની ખરીદી માટેનો રાજયનો વર્ષ ૧૭-૧૮નો સંભવિત લક્ષ્યાંક ૨૦૦ નક્કી કરાયો છે. જ્યારે કે અનુસૂચિત જાતિના લાભાર્થીઓમાં ડીએમએસ-૧ (અ. જા.) યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ વિસ્તારના જિલ્લા સહકારી દૂધ ઉત્પાદકો સંઘો માટે સહાયનું ધોરણ એકમ કિંમતના ૭૫ ટકા લેખે રહેશે. આ યોજના અંતર્ગત પણ રાજ્યનો વર્ષ ૨૦૧૭-૧૮નો સંભવિત લક્ષ્યાંક ૫૦ નક્કી કરાયો છે. લાભાર્થીએ પશુપાલન નિયામક - જીસીએમએમએફ દ્વારા એમ્પનલમેન્ટમાં માન્ય થયેલ વિક્રેતા કે ડિલર પાસેથી ખરીદી કરવી ફરજિયાત છે. આ સહાયનો લાભ આજીવન એક વખત જ મળી શકે છે.

## ખેડૂતોને ખાતર ખરીદવા

# આધારકાર્ડ, કિસાન ક્રેડિટકાર્ડ, વોટરકાર્ડ સાથે રાખવું ફરજિયાત

***ખેડૂતોને મળતું ખાતર બારોબાર ઘર કરી જાય છે અને જરૂરિયાતવાળા ખેડૂતોને ખાતર મળતું નથી અને મળે છે તો કાળાબજારમાં મળે છે તેવી ફરિયાદ ખેડૂતો દ્વારા અવારનવાર કરવામાં આવે છે. ખેડૂતોને સરળતાથી ખાતર મળી રહે અને કાળાબજાર અટકે તેટલા માટે સબસિડાઈઝ સારાયણિક ખાતરનાં વેચાણમાં ડીબીટી યોજના લવાઈ રહી છે. જેમાં ખેડૂતો આધારકાર્ડ નંબર, કિસાન ક્રેડિટકાર્ડ અને ચૂંટણીકાર્ડ રજૂ કરે પછી જ પોઈન્ટ ઑફ સેલ (POS) મશીનથી ખાતર અપાશે. વિક્રેતાઓને POS મશીન અપાશે.***

**● કાળાબજાર અને ખાતરની તંગીને નિવારવા આધારકાર્ડથી જ ખાતર ખરીદાય તે જરૂરી ● પીઓએસ મશીનથી જ ખાતર અપાશે : વિક્રેતાઓને મશીનના ઉપયોગની તાલીમ અપાશે**

આધારકાર્ડ સિવાય ચૂંટણીકાર્ડ, કિસાન ક્રેડિટકાર્ડ હોય તો પણ ખાતર મળશે, પણ ખેડૂતો આધારકાર્ડથી જ ખાતર ખરીદે તો યોજના સફળ થાય. આધારકાર્ડ જમીનના જેટલા ખાતેદાર હોય તે પૈકી કોઈ એકનું હોય તો પણ ખાતર મળી શકશે.

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને સબસિડીનો તથા અન્ય યોજનાનો લાભ સીધો મળે અને ભ્રષ્ટાચાર અટકે તે માટે ડાયરેક્ટ બેનેફીટ ટ્રાન્સફર (ડીબીટી) સિસ્ટમ લાવીને સહાય સબસિડી સીધી જ ખેડૂતોનાં ખાતામાં જમા કરવાની સિસ્ટમ લાવવામાં આવી છે. ત્યારે ગત કેન્દ્રીય બજેટમાં ૭૦ હજાર કરોડની સબસિડી ખાતર માટે જાહેર કરવામાં આવી છે. પરંતુ કાળાબજારીનાં કારણએ ખેડૂતોને ખાતર ન મળતં નથી. ત્યારે આ સમસ્યા નિવારવા પીઓએસ મશીનથી ખાતર વિતરણની યોજનાં ખરીફ પાકની સિઝનથી એટલે કે ૧લી જૂનથી લાવવામાં આવી રહી છે. જેમાં દરેક ખાતર વિક્રેતાને પીઓએસ મશીન આપી દેવાશે. જો કે ખાતર ખરીદવા માટે આધાર કાર્ડ, કિસાન ક્રેડિટકાર્ડ, ચૂંટણીકાર્ડ ફરજિયાત છે, નહિ તો સબસિડાઈઝ ખાતર નહીં મળી શકે. ખેડૂત વિક્રેતાનાં ત્યાં રાખવામાં આવેલ પીઓએસ મશીનમાં આધારકાર્ડ એન્ટર કરશે એટલે ફિંગર પ્રિન્ટ માંગશે. પ્રિન્ટ મેચ થયા બાદ ખાતર અપાશે. ત્યારે જે ખેડૂતો પાસે આધારકાર્ડ ન હોય તેમણે ૩૧મી મે સુધીમાં કઢાવી લેવા પડશે. આધાર કાર્ડ નહીં હોય તો સબસિડીનો લાભ મળી શકશે નહીં.

### જિલ્લાનાં ૨૫૯ વિક્રેતાઓને ક્રિભકો કંપની મશીનો આપશે.

**સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર જિલ્લામાં કુલ ૫૨૩ જેટલા વિક્રેતા છે જેમાંતી ૫૨૯ વિક્રેતા સબસિડાઈઝ યુરિયા, ડીએપી તથા એસએસવી સહિતનાં ખાતરો વહેંચે છે. જે તમામને તાલીમ આપવામાં આવશે, ક્રિભકો કંપની દ્વારા પીઓએસ મશીનો અપાશે.**

## સબસિડી બાદ માત્ર ભાવ જ ખેડૂતોને ચૂકવવા પડશે : નાયબ ખેતી નિયામક

ડીબીટી સિસ્ટમ ખાતરની ખરીદીમાં લાગુ પાડવાની પ્રક્રિયા સાથે ખેડૂતોમાં એવો મેસેજ જઈ રહ્યો છે કે ખેડૂતોએ ખાતરની પૂરી કીંમત ચૂકવવી પડશે. અને સબસિડી બાદમાં ખાતામાં જમા થઈ જશે. ત્યારે નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ડી.જે. પટેલ જણાવ્યું હતું કે એવું નથી. ખેડૂતોને સબસિડી રકમ બાદ કરીને રાહતનાં ભાવે જ ખાતર મળશે. પહેલા વધારે પૈસા ચૂકવવા પડશે તેવું નથી. દર અઠવાડિયે થયેલા વેચાણનાં આધારે ખાતર કંપનીનાં એકાઉન્ટમાં જ સરકાર સબસિડી જમા કરાવી દેશે એટલે ખાતરની ખરીદી કરવા આવતા ખેડૂતોને અત્યારે સબસિડી બાદ કર્યા બાદ જે રકમ વધે તે જ ચૂકવવાની રહેશે.

# આ વર્ષે દેશભરમાં ચોમાસું મધ્યમસર રહેશે

ગ્રહો, વર્ષા ગરમી, ગ્રહોની યુતિ, જળદાયક નક્ષત્ર, નાડીના યોગો, હવામાન, વૃક્ષોના (વનસ્પતિ) લક્ષણો સંક્રાંતિ પ્રવેશ, વરસાદનાં ગર્ભ, ભડલી વાક્યો, કસ, પવન, વાદળા, પ્રાચીન રૂઢિગત માન્યતાઓ, દનૈયા, હુતાશનીનો પવન તેમજ અખાત્રીજ પવનના આધારે જોતાં આગામી ચોમાસું સાધારણથી મધ્યમસર પડે તેવી સંભાવના છે. તા. ૨૮-૫-૨૦૧૭ થી તા. ૭-૬-૨૦૧૭ સુધીમાં રોહિણી નક્ષત્રમાં ગાજવીજ સાથે સાધારણથી મધ્યસર વરસાદ (અમુક વિસ્તારમાં વાવણી વરસાદ) તા. ૮-૭-૨૦૧૭ થી તા. ૨૧-૭-૨૦૧૭ સુધીમાં પુનર્વશુ નક્ષત્રમાં સાધારણથી મધ્યસર વરદાસ પડે તા. ૪-૮-૨૦૧૭ થી ૧૭-૮-૨૦૧૭ સુધીમાં આશ્લેમાં નક્ષત્રમાં મધ્યમથી ખૂબ જ સારો વરસાદ પડે. (સમગ્ર દેશ તથા ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાના સંજોગો. (વ્યાપક વાવણી લાયક વરસાદ થાય) તા. ૩૧-૮-૨૦૧૭ થી ૧૩-૯-૨૦૧૭ સુધીમાં પૂ.ફા. નક્ષત્રમાં મધ્યમથી ભારે વરસાદ પડવાના યોગ છે તો તા. ૨૮-૯-૨૦૧૭ થી તા. ૧૧-૧૦-૨૦૧૭ સુધીમાં હસ્ત નક્ષત્રમાં મધ્યમથી સારો વરસાદ પડે.



**સારાંશ :**

- *આગામી ચોમાસું પાછોતરું બેસશે, દર વર્ષ કરતાં પાછોતરું બેસશે.*
- *આ વર્ષે ચોમાસા દરમિયાન દરિયા કિનારાના તટીય પ્રદેશોમાં ખૂબ જ સારો વરસાદ પડે. (દેશ તથા ગુજરાતમાં)*
- *સમગ્ર ગુજરાત - સૌરાષ્ટ્રમાં સરેરાશ ૨૫ થી ૩૫ ઈંચ વરસાદ પડવાની શક્યતાં*
- *આ વર્ષે ચોમાસું ૮ થી ૧૦ આની વર્ષફળ રહેશે. (૫૦% થી ૬૦% વર્ષ)*
- *પુષ્ય, ઉ.ફા. નક્ષત્રમાં ભારેતી અતિભારે વરસાદ પડે.*
- *તા. ૧૧-૧૦-૨૦૧૭થી ગુજરાત સૌરાષ્ટ્રમાંતી ચોમાસું વિદાય લેશે.*

ચૌમાસાનાં મહત્વનાં મુદ્દાઓ : જૂન જુલાઈ તથા ૧૬ ઓગસ્ટ સુધી સૂર્યથી મંગળ ગ્રહ આગળ રહેતાં તે દરમિયાન સાધારણ કક્ષાનો વરસાદ થાય અથવા નહિવત વરસાદ પડે. ૧૬ ઓગસ્ટથી સમગ્ર ગુજરાત તથા દેશમાં ચોમાસુ જામે, ભારેથી અતિભારે વરસાદની શરૂઆત થશે. ત્યાં સુધી ચોમાસું નબળુ રહેશે. આ વર્ષનો અભ્યાસ કરતાં દનૈયા ૫૦ ટકા અખાત્રીજનો પવન સારો હુતાશનીનો પવન નબળો હતો. દેવભૂમિ દ્વારકા, ઓખા વિસ્તારમાં ખૂબ જ સારો વરસાદ રહેશે. સમગ્ર દેશ તથા ગુજરાતમાં ગરમીનું વિશેષ પ્રમાણ જોવા મળશે. આ વર્ષે દેશમાં ઘણાં રાજયોમાં દુકાળ જોવા મળશે. તેમજ અમુક રાજયોમાં અતિ ભારે વરસાદ પડશે. ગુજરાતમાં મધ્યમસર રહેશે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારમાં ચોમાસું સારુ નિવડશે. તા. ૪-૮ થી ૧૭-૮ સુધીમા દેશનાં પૂર્વ મધ્ય દક્ષિણ ભારતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાના સંજોગો છે. આ વર્ષે લાલ-લીલી અને કાળી વસ્તુમાં તેજી, સફેદમાં મધ્યમ, પીળી વસ્તુમાં મંદી થશે. (જેઠ માસથી જેઠ માસ સુધી) આમ જોતાં ૨૦૧૭ના વર્ષમાં જૂન જુલાઈમાં સાધારણ વરસાદ ઓગસ્ટ - સપ્ટેમ્બરમાં ભારેથી અતિભારે વરસાદના યોગ તેમજ સમગ્ર ભારત તથા ગુજરાતમાં ચોમાસું મધ્યમસરનું રહેતું જણાય છે.

*સંજયભાઈ ભૂત, માણાવદર.*

# દૂધ ચકાસણી મશીનોનાં યુનિટ બનાવવા વિશેષ સહાય

દૂધ ઉત્પાદન તો થયું પરંતુ ઘણાં એવા પશુપાલકો હોય છે જે લોભવશ તેમાં ભેળસેળ કરતા હોય છે. દૂધમાં ભેળસેળ કરવાનું પ્રમાણ શહેરી વિસ્તારોમાં વધારે જોવા મળે છે. જે લોકો સીધું ગ્રાહકોને દૂધ વેચતા હોય તેઓમાં અપવાદરૂપ ભેળસેળ કરવાવાળા લોકો પણ હોય છે. રાજયમાં મોટાભાગના દરેક ગામડામાં નાની મોટી દૂધ કલેકશન મંડળીઓ હોય છે અથવા તો નાનું ગામ હોય તો દૂધ કલેકશન માટે મોટી મંડળીમાંથી માણસો આવી દૂધ કલેકશન કરી જતા હોય છે. દૂધ મંડળીઓ પણ હવે આધુનિક સગવડતાવાળી બનાવવામાં આવે છે. જેમાં બલ્ક મિલ્ક કુલર જેવી સગવડતા પણ ધરાવે છે. જેથી હંમેશા નીચા તાપમાને સંગ્રહ કરવું પડે છે. ઘણાં વિસ્તારોમાં દૂધ મંડળીઓનું સંચાલન ફક્ત અને ફક્ત મહિલાઓ જ દ્વારા થતું હોય છે.આવા મહિલા સંચાલિત દૂધઘરોમાં ભેળસેળવાળું દૂધ જમા ન કરાવી જાય તે માટે દૂધ ભેળસેળ ચકાસણી માટેના

અનુ. પાના ૫ પર

**ભૂગર્ભ જળ સંશોધન**
**ખેતરમાં કૂવો-બોર કરતા પહેલા**
**વૈજ્ઞાનિક પદ્ધતિએ ઈલેક્ટ્રોનીક કમ્પ્યુટરાઈઝડ મીટરથી જગ્યા નક્કી કરી શકાય.**
**રતીલાલ સુદાણી, આણંદ**
**ફોન નં. - ૦૨૬૯૨ - ૨૬૩૬૧૧**
**મો. ૯૪૨૭૩૮૨૩૬૮, ૯૯૭૮૧૧૫૯૬૮**

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.